dailyhunt સંજોગ ન્યૂઝ
અમરેલી નું સુપ્રસિદ્ધ દૈનિક સંજોગ ન્યુઝ હવે Dailyhunt પર...
અમરેલી ગુજરાત સહિત દેશ વિદેશ, રમતગમત તમામ સમાચાર
વાંચવા માટે Dailyhunt પર સંજોગ ન્યુઝને ફોલો કરો.
https://dhunt.in/RbYBS

# સંજોગ ન્યૂઝ

SANJOG NEWS DAILY GUJARATI - AMRELI, RNI NO. GUJGUJ/2017/75270, Postal Reg.No.AMR/207/Validup to 2024-26
Year - 08 | Issue- 168 | AD - 2025, Fagan Vad - 10 | Monday, Dt.24-03-2025 | Editor : Vasant Movliya : Phone : (02792) 225225 | E-mail : sanjognews@gmail.com | Page-08 Price : Rs.3-00

### દિલ્હીમાં એક રોડનું નામ ઔરંગઝેબ રોડ હતું, જે બદલીને અબ્દુલ કલામ રોડ રાખવામાં આવ્યું

# સ્વતંત્રતાની લડાઈ મુઘલો સામે પણ લડવામાં આવી હતી : RSS

બેંગ્લુરૂ,તા.૨૩

કર્ણાટકના બેંગલુરુમાં, આરએસએસના મહાસચિવ દત્તાત્રેય હોસાબલેએ કહ્યું કે ઔરંગઝેબને તેમણે કરેલા કાર્યો માટે પ્રતિક ન માનવો જોઈએ. દિલ્હીમાં એક રોડનું નામ ઔરંગઝેબ રોડ હતું, જે બદલીને અબ્દુલ કલામ રોડ રાખવામાં આવ્યું છે. આ પાછળ કેટલાક કારણો હતા. ઔરંગઝેબના ભાઈ દારા શિકોહને હીરો બનાવવામાં આવ્યા ન હતા. ગંગા-જમુનાની સંસ્કૃતિની હિમાયત કરનારાઓએ ક્યારેય દારા શિકોહને આગળ લાવવાનું વિચાર્યું ન હતું. શું આપણે એવી વ્યક્તિનું પ્રતિક બનાવીશું જે ભારતની સંસ્કૃતિની વિરુદ્ધ હતી, કે પછી આપણે એવા લોકો સાથે જઈશું જેઓ આ ભૂમિની પરંપરાઓ અનુસાર કામ કરતા હતા ? તેમણે કહ્યું કે સ્વતંત્રતાની લડાઈ ફક્ત અંગ્રેજો સામે જ લડાઈ ન હતી, શિવાજી અને મહારાણા પ્રતાપ પણ મુઘલો સામે આઝાદી માટે લડ્યા હતા. તે પણ એક સ્વતંત્રતા સંગ્રામ હતો. દેશના લોકોએ નક્કી કરવાનું છે કે તેઓ ઔરંગઝેબને પોતાના આઈકોન માને છે કે દારા શિકોહને? દત્તાત્રેયે કહ્યું કે ભારતના લોકોએ નક્કી કરવું પડશે કે શું તેઓ એવા વ્યક્તિને પોતાનો આઈકોન બનાવશે જે ભારતના ઈતિહાસની વિરુદ્ધ જાય છે, કે પછી એવા લોકોને બનાવશે જેઓ દેશની સંસ્કૃતિ, પરંપરા અને માટી સાથે જીવ્યા છે. તો આ વાસ્તવિક મુદ્દો છે અને ઔરંગઝેબ તેમાં બંધબેસતો નથી. ઔરંગઝેબના ભાઈ દારા શિકોહ આ ચિહ્ન પર બેસે છે. તેમણે કહ્યું કે એક સ્વતંત્ર દેશે ગંભીરતાથી વિચારવું જોઈએ કે આપણને આઝાદી કેવી રીતે મળી? દેશના





બહાદુર પુત્રોએ અંગ્રેજો પહેલા આવેલા આક્રમણકારો સામે લડત આપી છે. મુઘલ શાસક ઔરંગઝેબને લઈને મહારાષ્ટ્રમાં રાજકારણ ગરમાયું છે. છત્રપતિ સંભાજીનગર, જે પહેલા ઔરંગાબાદ તરીકે ઓળખાતું હતું, તેમાં ઔરંગઝેબનો મકબરો આવેલો છે. આ કબર અંગેનો વિવાદ અટકવાનું નામ નથી લઈ રહ્યો. રાજ્યમાં આ મુદ્દા પર રાજકીય હોબાળો થયા બાદ હવે આખો મામલો બોમ્બે હાઈકોર્ટમાં પહોંચ્યો છે. આ અંગે હાઈકોર્ટમાં એક અરજી પણ દાખલ કરવામાં આવી છે. ઔરંગઝેબની કબરને રાષ્ટ્રીય સ્મારકોની યાદીમાંથી દૂર કરવાનો નિર્દેશ આપવા માટે કોર્ટમાં માંગ કરવામાં આવી છે. મહારાષ્ટ્રના નાગપુરમાંથી ઔરંગઝેબની કબર હટાવવાનો વિવાદ હજુ શમ્યો ન હતો ત્યારે વિશ્વ હિન્દુ પરિષદના નેતાઓ નિઝામુદીનમાં હુમાયુની કબર પર પહોંચ્યા અને તેનું નિરીક્ષણ કર્યું છે. વીએચપીના નેતાઓ કહે છે કે નિરીક્ષણ પછી તેઓ એક રિપોર્ટ તૈયાર કરશે અને તેને કેન્દ્ર સરકારને સુપરત કરશે. વિહિપના દિલ્હી રાજ્ય મંત્રી સુરેન્દ્ર ગુપ્તાએ કહ્યું કે અમે દિલ્હી રાજ્યના સંદર્ભમાં નિરીક્ષણ માટે આવ્યા છીએ. અત્યારે ઘણું બધું કહેવું શક્ય નથી. કેટલી જમીન ફાળવવામાં આવી છે? આ સમયગાળાના રાજાઓને કેટલી જગ્યા આપવામાં આવી છે? સંશોધન કાર્ય માટે કોઈ ક્ષમતાની જરૂર નથી. ભારતમાંથી કોઈપણ વ્યક્તિ કોઈપણ વિષય પર સંશોધન કરી શકે છે. શું દિલ્હીના ઈતિહાસ સાથે સંબંધિત આ જ નાયકો અને નાયિકાઓ છે? શું ૩૦૦ વર્ષ સુધી શાસન કરનાર આનંદપાલ તોમરનું કોઈ સ્મારક સાચવવામાં આવ્યું છે? આમાંથી કોઈ વિવાદાસ્પદ અર્થ કાઢવો જોઈએ નહીં. અમે અમારો રિપોર્ટ સરકાર અને વહીવટીતંત્રને આપીશું. વિશ્વ હિન્દુ પરિષદના પ્રતિનિધિમંડળનું કહેવું છે કે સફદરજંગ મકબરાનું પણ ટૂંક સમયમાં નિરીક્ષણ કરવામાં આવશે. તાજેતરમાં, નાગપુરમાં વિશ્વ હિન્દુ પરિષદના લોકોએ ઔરંગઝેબનું પૂતળું બાળ્યું હતું, ત્યારબાદ હિંસક અથડામણ થઈ હતી.




# બાલતાલથી અમરનાથ ગુફા સુધી રોપ-વે બનાવવા માટે મંજૂરી

(એચ.એસ.એલ),જમ્મુ,તા.૨૩

શ્રી અમરનાથ યાત્રા હવે સરળ બનશે. બાલતાલથી પવિત્ર ગુફા સુધી રોપ-વે બનાવવામાં આવશે. આ રોપવે ૧૧.૬૦ કિલોમીટર લાંબો હશે. વિગતવાર પ્રોજેક્ટ રિપોર્ટ માટે ટેન્ડર બહાર પાડવામાં આવ્યા છે. રામબન અને બડગામમાં ત્રણ રોપ-વે પણ બનાવવામાં આવશે. વિધાનસભામાં નેશનલ કોન્ફરન્સના ધારાસભ્ય સજ્જાદ શાહીન દ્વારા ઉઠાવવામાં આવેલા પ્રશ્નના જવાબમાં મુખ્યમંત્રી ઓમર અબ્દુલ્લાએ આ માહિતી આપી હતી. સરકારે ૧૫ માર્ચ, ૨૦૨૨ ના રોજ લેફ્ટનન્ટ ગવર્નરની આગેવાની હેઠળના વહીવટી પરિષદના નિર્ણય



અને ૬ સપ્ટેમ્બર, ૨૦૨૩ ના રોજના સરકારી આદેશનો ઉલ્લેખ કર્યો છે. એવું કહેવામાં આવ્યું છે કે પર્વતમાલા પહેલ હેઠળ ૫૨ રોપ-વે પ્રોજેક્ટ્સની યાદી શેર કરવામાં આવી છે. અમરનાથ ગુફા ઉપરાંત, આમાં શંકરાચાર્ય મંદિર શ્રીનગર સુધીનો ૧.૦૫ કિમી લાંબો રોપ-વે, ભાદરવાહથી ડોડામાં સિયોઝદર સુધીનો ૮.૮૦ કિમી લાંબો રોપ-વે અને સોનમર્ગથી થાજીવાસ ગ્લેશિયર સુધીનો ૧.૬૦ કિમી લાંબો રોપ-વે પ્રોજેક્ટનો પણ સમાવેશ થાય છે. જવાબમાં, એવું કહેવામાં આવ્યું હતું કે પર્વતમાલા યોજના હેઠળ રોપ-વે માટે નેશનલ હાઈવે ઓથોરિટી ઓફ ઈન્ડિયા અને રાજ્ય સરકાર વચ્ચે ૪ એપ્રિલ, ૨૦૨૨ ના રોજ એક સમજૂતી કરાર પર હસ્તાક્ષર કરવામાં આવ્યા હતા. રિયાસીમાં દર્શન દેવરીથી શિવખોડી મંદિર સુધીના ૨.૧૨ કિમી લાંબા રોપ-વે માટેના ટેન્ડર કોર્ટ કેસને કારણે રદ કરવામાં આવ્યા છે. રામબનમાં કરચિયાલથી વાસમર્ગ રોપ-વે પ્રોજેક્ટ પર કામ ચાલી રહ્યું છે.

# ગ્રીન કાર્ડ મેળવવા અમેરિકન સાથે લગ્ન કરશો તો જેલમાં જશો : ટ્રમ્પની ચેતવણી

વોશિંગ્ટન,તા.૨૩

ગેરકાયદે ઈમિગ્રેશનને રોકવા માટે ટ્રમ્પ અલગ-અલગ યુક્તિ અપનાવી રહ્યા છે. ટ્રમ્પના નિશાન પર એવા ઈમિગ્રન્ટ્સ પણ છે જેઓ ગ્રીન કાર્ડ મેળવવા માટે અમેરિકન નાગરિકો સાથે છેતરપિંડીથી લગ્ન કરી લે છે. યુએસ સિટિઝનશિપ એન્ડ ઈમિગ્રેશન સર્વિસીસ (USCIS) એ તેને ફેડરલ ગુનો ગણાવી, આરોપીઓને ગંભીર પરિણામો ભોગવવાની ચેતવણી આપી દીધી છે. એજન્સીએ કહ્યું કે, જે વ્યક્તિ ઈરાદાપૂર્વક ઈમિગ્રેશન કાયદાની કોઈપણ જોગવાઈથી બચવા માટે લગ્ન કરે છે તેને લગ્ન છેતરપિંડી કાયદાની કલમ ૧૩૨૫(c) હેઠળ પાંચ



વર્ષ સુધીની જેલની સજા થઈ શકે છે. તમને જણાવી દઈએ કે, અમેરિકામાં નાગરિકતા મેળવવાનો સૌથી સરળ રસ્તો લગ્ન જ છે. એવા ઘણા કિસ્સાઓ સામે આવ્યા છે, જ્યાં અમેરિકન નાગરિકતા મેળવવા માટે વિદેશી નાગરિકો અમેરિકન છોકરીઓ સાથે લગ્ન કરે છે અને પછી છૂટાછેડા લઈ લે છે. બીજી તરફ કેટલાક કિસ્સાઓમાં અમેરિકન નાગરિકો પૈસા માટે લગ્ન કરે છે અને પછી છૂટાછેડા લે છે.




# ભારતમાં અમેરિકાની એરક્રાફ્ટ કંપનીએ ૧૮૦ કર્મચારીઓની છટણી કરી



### કંપનીએ આ મામલે કોઈ નિવેદન આપ્યુ નથી

બેંગલોર,તા.૨૩

અમેરિકાની એરક્રાફ્ટ કંપની બોઈંગે બેંગ્લુરૂમાં પોતાના એન્જિનિયરિંગ ટેક્નોલોજી સેન્ટરમાંથી ૧૮૦ કર્મચારીઓને નોકરીમાંથી હાંકી કાઢ્યા હતા. આ છટણી કંપનીની ગ્લોબલ વર્કફોર્સમાં ઘટાડાની કવાયતના ભાગરૂપે કરવામાં આવી છે. વૈશ્વિક સ્તર પર અનેક પડકારોનો સામનો કરી રહેલ બોઈંગના ભારતમાં આશરે ૭૦૦૦ કર્મચારીઓ છે. ભારત કંપની માટે ટોચના બજારો પૈકી એક છે. ગત વર્ષે બોઈંગે ગ્લોબલ વર્કફોર્સમાં આશરે ૧૦ ટકાનો ઘટાડો કરવાની જાહેરાત કરી હતી. મીડિયા રિપોર્ટ્સ અનુસાર, બોઈંગની વૈશ્વિક સ્તરે વર્કફોર્સ ઘટાડવાની કવાયતના ભાગરૂપે બેંગ્લુરૂમાં બોઈંગ ઈન્ડિયા એન્જિનિયરિંગ ટેક્નોલોજી સેન્ટરમાંથી ૧૮૦ કર્મચારીઓને ડિસેમ્બર ત્રિમાસિક, ૨૦૨૪માં જ હાંકી કાઢ્યા હતા. ગ્રાહકો તથા સરકારી કામકાજો પર તેની કોઈ પ્રતિકૂળ અસર ન થાય તે હેતુ સાથે તેમણે મર્યાદિત સંખ્યામાં વ્યુહાત્મક એડજસ્ટમેન્ટ કર્યા હતા. ઉલ્લેખનીય છે, આ મામલે બોઈંગ તરફથી કોઈ સત્તાવાર નિવેદન આપવામાં આવ્યુ નથી. બેંગ્લુરૂ અને ચેન્નઈમાં બોઈંગ ઈન્ડિયા એન્જિનિયરિંગ એન્ડ ટેક્નોલોજી સેન્ટર (BIETC) જટિલ એડવાન્સ્ડ એરોસ્પેસ વર્ક કરે છે. બેંગ્લુરૂમાં કંપનીની સંપૂર્ણ માલિકીનું એન્જિનિયરિંગ એન્ડ ટેક્નોલોજી સેન્ટર અમેરિકાની બહાર સૌથી મોટા રોકાણો પૈકીનું એક છે. ભારતમાંથી બોઈંગ ૩૦૦થી વધુ સપ્લાયર્સ નેટવર્ક સાથે વાર્ષિક રૂ. ૧.૨૫ અબજ ડોલરનું સોર્સિંગ કરે છે.









સંજોગ ન્યૂઝ
આપણું અમરેલી
સોમવાર, તા.૨૪-૦૩-૨૦૨૫

# અમરેલીના જેસીંગપરામાં રક્તદાન કેમ્પ યોજાયો, ૧૦૮ બોટલ રક્ત એકત્ર

અમરેલી, તા.૨૩



અમરેલીના જેસીંગપરામાં શ્રી સ્વામિનારાયણ સંપ્રદાય દ્વારા મહારક્તદાન કેમ્પ યોજાયો હતો. શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયના લક્ષ્મીનારાયણ દેવ ગાદીના આચાર્ય અજેન્દ્રપ્રસાદજી મહારાજની પ્રેરણાથી તા.૨૩/૦૩/૨૦૨૫ના રોજ ગુજરાત-મહારાષ્ટ્રમાં એક જ સાથે ૫૫ ઉપરાંત વિવિધ સ્થળોએ આંતરરાષ્ટ્રીય મહારક્તદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં અમરેલી મુકામે નિલકંઠ ચોક ટાઉન હોલ (જેસીંગપરા) ખાતે યોજાયેલ રક્તદાન કેમ્પમાં રક્તદાતાઓએ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી રક્તદાન કર્યું હતું. આ રક્તદાન કેમ્પમાં શાંતાબા મેડિકલ કોલેજ/જનરલ હોસ્પિટલ દ્વારા કુલ ૧૦૮ યુનિટ રક્ત એકત્ર કરવામાં આવ્યું હતું.

# અમરેલી તાલુકા પોલીસ સ્ટેશનનાં ગુનાનો નાસતો ફરતો આરોપી ઝડપાયો

અમરેલી, તા.૨૩



**એલસીબી પોલીસે આરોપીની ધરપકડ કરી તાલુકા પોલીસને સોંપ્યો**

રાજય પોલીસ વડાએ અસામાજીક તત્વો પર ઘોંસ બોલાવવા આદેશ કર્યા બાદ અમરેલી જિલ્લા પોલીસ છેલ્લા ઘણા સમયથી કડક કાર્યવાહી કરી રહી છે. જિલ્લામાં અસામાજીક તત્વોનાં રહેણાંક મકાનોમાં જઈ વીજચોરી તેમજ અન્ય ગુનાઓમાં સંડોવાયેલા ઈસમો સામે કડક કાર્યવાહી કરવામાં આવી રહી છે. અમરેલી જિલ્લા પોલીસ વડા સંજય ખરાતનાં માર્ગદર્શન નીચે એલસીબી પીઆઈ વી.એમ. કોલાદરાની રાહબરી હેઠળ અમરેલી તાલુકા પોલીસ સ્ટેશનમાં નોંધાયેલ ગુનાનો આરોપી વિવેક ઉર્ફે વિકી મનસુખ પરમાર છેલ્લા બે મહિનાથી ફરાર હોઈ તેને અમરેલી એલસીબીએ ઝડપી અમરેલી તાલુકા પોલીસને સોંપી આપેલ છે.

# અમરેલીના શેડુભાર ગામે હારજીતનો જુગાર રમતા ૫ શકુની ઝડપાયા

**પોલીસે રૂા.૫૧,૨૭૦નો મુદ્દામાલ ઝપ્ત કર્યો**

અમરેલી, તા.૨૩

અમરેલીના શેડુભાર ગામેથી પોલીસે ૫ જુગારીઓને ઝડપી પાડ્યા હતા. સાગરભાઈ ભગવાનભાઈ ઉર્ફે ભાયાભાઈ રાઠોડ, નરેશભાઈ ભીખાભાઈ બોદર, સવજીભાઈ ભગવાનભાઈ ઉર્ફે ભાયાભાઈ રાઠોડ, ભગાભાઈ ખીમાભાઈ જાદવ તથા કમલેશ ઉર્ફે કાબુ વાલાભાઈ શીરોલીયા પાંચેય ઈસમો પૈસા પાના વડે જાહેરમાં હારજીતનો જુગાર રમતા રોકડા રૂપિયા ૫૧,૨૭૦ સાથે ઝડપાયા હતા. અમરેલી તાલુકા પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ એસ. જે. ગોંડલીયા વધુ તપાસ કરી રહ્યા છે.

# વડીયાની સુરગવાળા હાઈસ્કૂલમાં શિક્ષકોનો વિદાય સન્માન કાર્યક્રમ યોજાયો

વડીયા, તા.૨૩



વડીયામાં સુરગવાળા હાઈસ્કૂલના એસેસમેન્ટ સેન્ટરમાં અંગ્રેજી વિષયના શિક્ષકોનો વિદાય-સન્માન કાર્યક્રમ યોજાયો હતો. અંગ્રેજી અને હિન્દીના શિક્ષકો કે જેઓ જિલ્લા ફેરબદલ થઈ રહ્યા છે તે નવા વર્ષમાં પેપર એસેસમેન્ટમાં અમરેલી જિલ્લા સાથે ના હોવાથી તેમને સન્માન સાથે વિદાય આપવામાં આવી હતી. આવા શિક્ષકોમાં પ્રતીક પટેલ, રાકેશ પટેલ, રાકેશ શીંગાળા, પરેશ પરમારને શાલ ઓઢાડી, શ્રીફળ અને પડો આપવામાં આવ્યા હતા. પ્રમુખ તુલસી મકવાણાએ તમામ શિક્ષકોને શુભકામના સાથે સંઘ દ્વારા થયેલી કામગીરીની જાણકારી આપી હતી. આ કાર્યક્રમમાં સેન્ટરના નિયામક દિલીપ પાદરિયા, સહ નિયામક કિરીટ જોટવા, તુલસી મકવાણા, નિલેશ કોઠડીયા સહિત તમામ શિક્ષકો હાજર રહ્યા હતા.

# રાજુલા શહેરમાં ઘર બહાર પાર્ક કરેલી મોટર સાયકલની ઉઠાંતરી

**રાજુલા પોલીસ સ્ટેશનનાં એએસઆઈ જે.વી.રાઠોડે વધુ તપાસ હાથ ધરી**

રાજુલા, તા.૨૩

રાજુલામાં ઘર બહાર પાર્ક કરેલી મોટર સાયકલની અજાણ્યો શખ્સ ઉઠાંતરી કરીને ફરાર થઈ ગયો હતો. અમીતભારથી અશોકભારથી ગૌસ્વામી (ઉ.વ.૪૦)એ અજાણ્યા ચોર ઈસમ સામે નોંધાવેલી ફરિયાદ પ્રમાણે, રાજુલા જીવાબાવા ચોકમાં આવેલ પોતાના ઘર બહાર જાહેર ગલીમાં મોટર સાયકલ પાર્ક કરીને જમીને સુઈ ગયા હતા. જેની કોઈ અજાણ્યો ચોર ઈસમ ચોરી કરી લઈ ગયો હતો. બીજા દિવસે ઘર બહાર પાર્ક કરેલ મોટર સાયકલ જોવા મળ્યું નહોતું. રાજુલા પોલીસ સ્ટેશનના એએસઆઈ જે.વી. રાઠોડ વધુ તપાસ કરી રહ્યા છે.

# ધારીનાં ખેતલીયા દાદાનાં મંદિર ખાતે તાલુકા પત્રકાર સંઘના પ્રમુખ સંજય વાળાનું સન્માન

અમરેલી, તા.૨૩



ધારીમાં આવેલ ખેતલીયા દાદાના મંદિર ખાતે અમરેલી જિલ્લા ભાજપના પ્રમુખ અતુલભાઈ કાનાણીએ ધારી તાલુકા પત્રકાર સંઘના પ્રમુખ સંજયભાઈ વાળાનું સન્માન કર્યું હતું. આ કાર્યક્રમ આંગણવાડીની બહેનોની મિટિંગ માટે રાખવામાં આવ્યો હતો, જેમાં અતુલભાઈ કાનાણી ખાસ ઉપસ્થિત રહ્યા હતા. અતુલભાઈ કાનાણીએ તેમના પત્રકાર મિત્ર સંજયભાઈ વાળાને શાલ ઓઢાડીને સન્માનિત કર્યા હતા. તેઓ એક દાયકા પહેલા પત્રકાર તરીકે કારકિર્દી શરૂ કરી હતી અને ભાજપના પાયાના કાર્યકર તરીકે પણ નોંધપાત્ર કામગીરી કરી હતી. આ કાર્યક્રમમાં ધારી તાલુકા ભાજપ પ્રમુખ મુર્ગેશભાઈ કોટડીયા, પરેશભાઈ પટણી, ભરતભાઈ શેઠ અને સરોજબેન દેવમુરારી પણ ઉપસ્થિત રહ્યા હતા.

# અમરેલીમાં પ્રાકૃતિક ખેતી કરતાં ખેડૂતો માટે માર્કેટિંગ કાર્યશાળાનું આયોજન થયું

અમરેલી, તા.૨૩

કોલેજ ઓફ નેચરલ ફાર્મિંગ, ગુજરાત નેચરલ ફાર્મિંગ સાયન્સ યુનિવર્સિટી, અમરેલી ખાતે અમરેલી જિલ્લાના પ્રાકૃતિક ખેતી કરતાં ખેડૂતમિત્રો માટે ખાસ માર્કેટિંગની તાલીમ શૃંખલાના પ્રથમ તબક્કાનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં ગુજરાત નેચરલ ફાર્મિંગ સાયન્સ યુનિવર્સિટીના કુલપતિ ડૉ. સી.કે. ટીંબડીયા, અમરેલી જિલ્લાના અધિક કલેકટર દિલીપસિંહ ગોહિલ, અમર ડેરી ચેરમેન અશ્વિનભાઈ સાવલિયા, કોલેજ ઓફ નેચરલ ફાર્મિંગ, અમરેલીના આચાર્ય ડૉ. સ્વપ્નીલ દેશમુખ સાહેબ તેમજ વક્તાઓ એવા પ્રગતિશીલ ખેડૂત મોહનભાઈ પંડિત (જૂનાગઢ), નારસંગભાઈ મોરી (ભાવનગર) તેમજ મેઘજીભાઈ હિરાણી-કચ્છથી અને વનરાજસિંહ ચૌહાણ-વડોદરાથી હાજરી આપી હતી. આ કાર્યક્રમમાં ગુજરાત નેચરલ ફાર્મિંગ સાયન્સ યુનિવર્સિટી દ્વારા દત્તક લીધેલા ગામોના અંદાજીત સો જેટલા ખેડૂત મિત્રોએ હાજરી આપી હતી.

વિકાસ સાંગાણી 81283 53937 / 70488 83488
નક્ષત્ર મોટર્સ
Tunwal E-Vehicles
સોલાર રૂફટોપ સિસ્ટમ
વસાવો ઈલેકટ્રીક બીલ માંથી મુક્તિ મેળવો......
અદાણી, ગોલ્ડી પહલ પેનલો ઉપલબ્ધ
Rs.78000/- સબસિડી
ઈલેકટ્રીક બાઈક
ન્યુ ઈ-બાઈક સેલ્સ એન્ડ સર્વિસ, દરેક પ્રકારના ટુ-વ્હીલ, ફોરવ્હીલ સેલ્સ એન્ડ સર્વિસ
ઈલેકટ્રીક બાઈક તુનવાલ ચો બાઈક
એસ.ટી.ડેપો પાછળ, ભોજલરામ વાડીની બાજુમાં અમરેલી

# રાજકોટ ખાતે સૌરાષ્ટ્ર યુનિવર્સિટીની એક્ઝિક્યુટિવ કાઉન્સિલની બેઠક યોજાઈ

અમરેલી, તા.૨૩



રાજકોટની સૌરાષ્ટ્ર યુનિવર્સિટીમાં ૨૧ માર્ચ, ૨૦૨૫ના રોજ એક્ઝિક્યુટિવ કાઉન્સિલની ત્રીજી બેઠક યોજાઈ હતી. કુલપતિ ડૉ. ઉત્પલ જોશીની અધ્યક્ષતામાં યોજાયેલી આ બેઠકમાં વર્ષ ૨૦૨૫-૨૬નું બજેટ અને વર્ષ ૨૦૨૩-૨૪ના વાર્ષિક હિસાબો રજૂ કરવામાં આવ્યા હતા. આ ઉપરાંત, અગાઉની એક્ઝિક્યુટિવ કાઉન્સિલની બેઠકની કાર્યવાહી નોંધ અને ઠરાવો પણ મંજૂર કરવામાં આવ્યા હતા. યુનિવર્સિટીના કાર્યાલય, અનુસ્નાતક ભવનો, ગ્રંથાલય, આરોગ્ય કેન્દ્ર વગેરેના આગામી વર્ષના બજેટની વિવિધ બાબતો પર ચર્ચા-વિચારણા કરવામાં આવી હતી. એક્ઝિક્યુટિવ કાઉન્સિલની આ બેઠકમાં રજિસ્ટ્રાર ડૉ. રમેશભાઈ પરમાર, ડૉ. ભરત રામાનુજ, ડૉ. નિલેષ ત્રિવેદી, ડૉ. ગૌરવીબેન ધ્રુવ સહિતના હાજર રહ્યા હતા.

# સાવરકુંડલામાંથી બાઈક પર થતી વિદેશી દારૂની ખેપ ઝડપાઈ

સાવરકુંડલા, તા.૨૩

**પોલીસે બાઈક સહિત ૩૨૪૦૦નો મુદ્દામાલ ઝપ્ત કર્યો**

સાવરકુંડલામાંથી પોલીસે બાઈક પર થતી વિદેશી દારૂની ખેપ ઝડપી પાડી હતી. હાથસણી રોડ વીરમેઘમાયાનગરમાં ગુરૂકૃપા કરીયાણા એન્ડ પાન સામેથી અરવિંદ ઉર્ફે મુળો દેવશીભાઈ બગડા બાઈક લઈને પસાર થતા હતા ત્યારે પોલીસે અટકાવી તલાશી લેતા ભારતીય બનાવટની વિદેશી દારૂની ૪૮ બોટલ મળી આવી હતી. પોલીસે બાઈક સહિત કુલ ૩૨૪૦૦ રૂપિયાનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો. ૩ ઈસમો કેફી પીણું પીધેલી હાલતમાં ફરતા મળી આવ્યા હતા.

Jitendra Sanghani
Cell : 98254 22922
MARUTI SUZUKI
મારૂતિ સુઝુકી સર્વિસ સ્ટેશનનું એકમાત્ર સ્થળ તથા
સંપૂર્ણ આધુનિક સુવિધા સાથેનો વિશ્વાસપાત્ર અને અનુભવી સ્ટાફ
કારકેર સેન્ટર
(Maruti Authorised Workshop)
વ્હીલ એલાઈમેન્ટ, વ્હીલ બેલેન્સીંગ, મીકેનીક કામ, રીપેરીગ, વોશિગ તેમજ સર્વિસ કરી આપનાર
ચકકરગઢ રોડ, અમરેલી-૩૬૫ ૬૦૧
ફોનઃ ૦૨૭૯૨ ૨૨૦૦૯૯, E-mail: carcarerushi@rediffmail.com




મુકેશ સંધાણી 94281 45595
New Number 97230 67130
હર્ષદ સંધાણી 98242 33314
અમારા માટે કોઈ કામ નાનું કે મોટું નથી
ઓલ મેજર એન્ડ માઈનોર રીપેર જોબ
ઓલ એકસીડેન્ટલ રીપેર જોબ • વ્હિલ એલાઈમેન્ટ- બેલેન્સીંગ
ઓલ મીકેનિકલ એન્ડ ઈલેકટ્રીકલ જોબ
સસ્પેન્શન ઓવરહોલીંગ • એસી જોબ • એન્જીન જોબ
હેડલાઈટ બાર્ફિંગ જોબ • ઈન્ટીરીયર વોશિંગ
વોશિંગ એન્ડ કલીનીંગ • ઈન્શયુરન્સ પોલીસી
શું કામ તમે અમારી સર્વિસ પસંદ કરશો ?
વ્યાજબી ભાવ | શ્રેષ્ઠ ગ્રાહક સેવા | ગુણવતાયુકત કામ | પ્રોફેશનલ અને સ્કીલડ ટીમ
મુકેશ મોટર ગેરેજ Info.mmgamr.gmail.com
C/O પટેલ ગેરેજ, ચકકરગઢ રોડ, અમરેલી, મો. ૯૪૨૮૧ ૮૭૪૭૯

# ફાચરિયામાં રૂ. ૧૩.૫૦ લાખના ખર્ચે બનેલા પ્રવેશદ્વારનું પૂર્વ ધારાસભ્યના હસ્તે લોકાર્પણ

સાવરકુંડલા, તા.૨૩

સાવરકુંડલા તાલુકાના ફાચરિયા ગામે વંડા, ફાચરિયા, ખાલપર અને બવાડીને જોડતા રસ્તા પર રૂ. ૧૩.૫૦ લાખના ખર્ચે બનેલા પ્રવેશદ્વારનું પૂર્વ ધારાસભ્ય કાળુભાઈ વિરાણીના હસ્તે લોકાર્પણ કરવામાં આવ્યું હતું. સ્વ. રામાણી ગીગાભાઈ રામભાઈના વારસદારોએ આ પ્રવેશદ્વારનું નિર્માણ કરાવ્યું છે. આ સમારંભમાં વંડા, ફાચરિયા, ખાલપર, આંકોલડા અને હઠીલાવાવ ગામના આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમમાં કાળુભાઈ વિરાણીએ તેમના કાર્યકાળ દરમિયાન સાવરકુંડલા તાલુકામાં થયેલા વિકાસ કાર્યોની માહિતી આપી હતી.



ખાલપરથી બવાડી સુધીનો રસ્તો બે તાલુકા લીલીયા અને સાવરકુંડલાને જોડતો ટૂંકો રસ્તો છે, જેને ડબલ પટ્ટી બનાવવાની ગ્રામજનોએ સરકાર પાસે માંગણી કરી છે. આંકોલડાના અમરભાઈ ખુમાણે કાળુભાઈ વિરાણીના કાર્યોની પ્રશંસા કરી હતી. કાર્યક્રમના અંતે શિવલાલભાઈ રામાણીએ આભારવિધિ કરી હતી.

# બગસરાના નવી હળિયાદ ગામે પ્રૌઢે પીપરના ઝાડ સાથે સાડીનો કટકો બાંધી ગળાફાંસો ખાધો

**વઢેરા ગામના યુવકનું બાઇક સ્લીપ થતાં પથ્થર માથામાં વાગતા મોત**

અમરેલી, તા.૨૩

અમરેલી જિલ્લામાં પોલીસ ચોપડે વિવિધ કારણોસર મોતના વધુ ત્રણ બનાવ નોંધાયા હતા. બગસરાના નવી હળિયાદ ગામે પ્રૌઢે પીપરના ઝાડ સાથે સાડીનો કટકો બાંધીને ગળાફાંસો ખાધો હતો. કુંડલીયાળા ગામે સગીરાએ અગમ્ય કારણોસર જીવન ટૂંકાવ્યું હતું. વઢેરા ગામના યુવકનું મોટર સાયકલ સ્લીપ થઈ જવાથી પથ્થર માથામાં વાગતાં મોત થયું હતું. હાલ સુરત રહેતા મૂળ બગસરાના જયદીપબાઈ ઘેલાભાઈ સાવલીયા (ઉ.વ.૩૭)એ જાહેર કર્યા મુજબ, તેના પિતા ઘેલાભાઈ મોહનભાઈ સાવલીયા (ઉ.વ.૬૫)એ વાડીના બુટીયા પાસે આવેલા પીપરના ઝાડ સાથે સાડીનો કટકો બાંધી પોતાની મેળે ગળાફાંસો ખાઈ લીધો હતો. તેમના આ પગલાથી પરિવારજનો શોકમગ્ન બની ગયા હતા. બગસરા પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ ડી.ટી. બળસટીયા વધુ તપાસ કરી રહ્યા છે. જાફરાબાદના વઢેરા ગામે રહેતા રણછોડભાઈ કાનાભાઈ બાંભણીયા (ઉ.વ,૫૫)એ જાહેર કર્યા મુજબ, ડાયાભાઈ કાનાભાઈ બાંભણીયા (ઉ.વ.૩૩) મોટર સાયકલ પર જતા હતા ત્યારે લોર ફાચરીયા વાડી વિસ્તારમાં આવેલી જગાભાઈ પટેલની વાડી પાસે રોડની ગોળાઈમાં મોટર સાયકલ સ્લીપ થતાં પથ્થર માથામાં વાગવાથી મરણ પામ્યા હતા. નાગેશ્રી પોલીસ સ્ટેશનના એએસઆઈ એન.આર. પટેલ વધુ તપાસ કરી રહ્યા છે. રાજુલાના કુંડલીયાળા ગામે એક સગીરાએ અગમ્ય કારણોસર જીવન ટૂંકાવ્યું હતું. ડુંગર પોલીસ સ્ટેશનના એએસઆઈ એમ.કે. પીછડીયા વધુ તપાસ કરી રહ્યા છે.

# અમરેલીના લાલાવદર ગામે દિવાલ પાડી નાખીને જાનથી મારવાની ધમકી આપી

**અમરેલી એસસી એસટી સેલના નાયબ પોલીસ અધિક્ષક નયના બી. ગોરડીયાએ વધુ તપાસ હાથ ધરી**

અમરેલી, તા.૨૩

અમરેલીના લાલાવદર ગામે એક યુવક દિવાલ ચણતો હતો ત્યારે તેને પાડીને જાનથી મારવાની ધમકી આપી હતી. લાલાવદર ગામે રહેતા જયંતીભાઈ મંગાભાઈ માધડ (ઉ.વ.૪૧)એ વિશાલભાઈ જેન્તીભાઈ મોરવાડીયા સામે નોંધાવેલી ફરિયાદ પ્રમાણે, તેઓ તેના ઘરે દિવાલ ચણતા હતા તે સમયે આરોપીએ તેમના ઘરે આવી દિવાલ પાડી દઈ ગાળો આપી પગ વડે તેમને કમરના ભાગે પાંચથી છ પાટા મારી મુંઢ ઈજા કરી હતી. તેમજ જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. અમરેલી એસસી એસટી સેલના નાયબ પોલીસ અધિક્ષક નયના બી. ગોરડીયા વધુ તપાસ કરી રહ્યા છે.

# બાબરાના ભીલડી ગામે ચોર ઈસમે મંદિરો સહિત મકાનને નિશાન બનાવ્યું

**પોલીસે વધુ તપાસ હાથ ધરી**

બાબરા, તા.૨૩

બાબરાના ભીલડી ગામે ચોર ઈસમે મંદિર સહિત મકાનને નિશાન બનાવ્યું હતું. પૂજારી હિમ્મતરામ રામકૃષ્ણ દેવમુરારીએ અજાણ્યા ચોર ઈસમ સામે નોંધાવેલી ફરિયાદ મુજબ, કોઈ અજાણ્યો ચોર ઈસમ ભીલડી ગામના રામજી મંદિર તથા કરડ પરિવારના ખોડીયાર માતાજીના મંદિરમાં ચોરી કરવાના ઈરાદે આ બન્ને મંદિરોના તાળા તોડી પ્રવેશ કરી ચોરી કરવાનો પ્રયાસ કરી જતો રહ્યો હતો. પ્રવિણભાઈ બાલુભાઈ સાકરીયા (ઉ.વ.૬૦) એ જાહેર કર્યા મુજબ મકાનનું બાંધકામ ચાલુ હોય તેની ખુલ્લી જગ્યામાંથી મોટર આશરે કિંમત રૂ.૩૫૦૦, લોખંડ કાપવાનું ગ્રાઈન્ડર કિંમત રૂ.૨૫૦૦, સ્ટીલની બરણી આશરે કિંમત રૂ.૪૦૦ જેની કોઈ અજાણ્યો ચોર ઈસમ ચોરી કરી લઈ ગયો હતો. તેમના મકાનની બાજુમાં મનસુખભાઈ શંભુભાઈના મકાનનું બાંધકામ ચાલુ છે જેની દેખરેખ ભનુભાઈ જીવરાજભાઈ વઘાસીયા રાખે છે જેમણે જણાવેલ કે અમારે પણ એક પાણી છાંટવાની મોટર આશરે કિંમત રૂ.૩૫૦૦ ની ચોરી થઈ છે. કુલ રૂ.૯૯૦૦ની કિંમતની બે પાણી છાંટવાની મોટર તથા એક ગ્રાઈન્ડર, એક બરણીની કોઈ અજાણ્યો ચોર ચોરી કરી ફરાર થઈ ગયો હતો. બાબરા પોલીસ સ્ટેશનના એએસઆઈ વાય.આર. ડેર બનાવની વધુ તપાસ કરી રહ્યા છે.

# દામનગરમાં રેઢિયાળ પશુઓના આતંકથી લોકોને ક્યારે મળશે મુક્તિ

દામનગર, તા. ૨૩



દામનગરની બજારોમાં આખલાઓના યુદ્ધથી ભયનો માહોલ સર્જાતો હોય છે, વાહનો અને લોકોને નુકસાન થતું રહે છે, આ મુદ્દો હવે જુનો થઈ ગયો છે. અદાલતે તંત્રને ટકોર કરી છે કે આ સમસ્યા હલ કરો અને જાનહાનિ અટકાવો. દામનગર શહેરમાં આ સમસ્યા જૂની થઈ છે, છતાં ગમે ત્યારે થઈ રહેલા આખલા યુદ્ધ (આપસમાં ટક્કર) થી લોકો ભયભીત થઈને રસ્તો બદલી નાખતા જોવા મળે છે, રેઢિયાળ પશુઓના આતંકથી ત્રાહિમામ થયેલા લોકો આ સમસ્યાનું નિરાકરણ લાવવા માંગ કરી રહ્યા છે.

# અમરેલી નૂતન હાઈસ્કૂલમાં નિવૃત્ત અને બદલી પામેલા શિક્ષકોનો ભવ્ય સન્માન સમારોહ

અમરેલી, તા.૨૩

અમરેલીની નૂતન હાઈસ્કૂલ ખાતેથી નિવૃત્ત થયેલા અને બદલી પામેલા સાત શિક્ષકોનો વિદાય સમારંભ યોજાયો હતો. ગુજરાતી વિષયના આ શિક્ષકોને અમરેલી માતૃભાષા સાહિત્ય શિક્ષક મંડળ દ્વારા શાલ અને પ્રશસ્તિપત્ર અર્પણ કરી સન્માનિત કરવામાં આવ્યા હતા. આ પ્રસંગે અમરેલી જિલ્લા માધ્યમિક શિક્ષક સંઘના પ્રમુખ પરેશભાઈ રાઠોડ અને નૂતન હાઈસ્કૂલના આચાર્ય વિપુલભાઈ વ્યાસ ખાસ ઉપસ્થિત રહ્યા હતા. સન્માનિત થનારા શિક્ષકોમાં મોરી સાહેબ (નિવૃત્ત), ચૌધરી કલ્પનભાઈ, નાયકા પ્રવીણભાઈ, પરમાર રણજીતસિંહ, અસારી ચંદુલાલ, ભાવનાબેન હીરપરા



અને નીપાબેન ડામોરનો સમાવેશ થાય છે. જયાબેન અને પ્રકૃતિબેને સન્માનપત્રનું વાંચન કર્યું હતું. અજીતભાઈ ખાચરે વિવિધ પ્રસંગોના સંસ્મરણો તાજા કર્યા હતા, જ્યારે કો-ઓર્ડિનેટર પ્રવીણભાઈ ગોહિલે સરળ કામગીરી બદલ કેન્દ્ર નિયામક અને સમગ્ર વહીવટી સ્ટાફનો આભાર માન્યો હતો. સમગ્ર કાર્યક્રમનું સંચાલન કો-ઓર્ડિનેટર ખડદિયાએ કર્યું હતું.

# સાવરકુંડલા તાલુકાના ધજડીપરા પ્રાથમિક શાળાના બાળકોને ચપ્પલ વિતરણ કરાયા


**ગરમીમાં બાળકોને રાહત મળી રહે તે માટે સેવાકીય પગલું**

સાવરકુંડલા, તા.૨૩

સાવરકુંડલા તાલુકાના ધજડી ગામની પરાશાળા એટલે કે ધજડી પરા પ્રાથમિક શાળામાં આચાર્ય તરીકે ભીખુભાઈ આજગિયા તથા



આસિસ્ટન્ટ શિક્ષક તરીકે જાગૃતીબેન રવિયા ફરજ બજાવે છે. આ શાળામાં તમામ બાળકો વાડીઓમાં મજૂરીકામ કરતા મજૂરોના બાળકો ભણવા આવે છે જે આર્થિક રીતે ખૂબ જ નબળા હોય છે. આથી હાલની ગરમીમાં બાળકો ચપ્પલ પહેર્યા વગર શાળાએ આવતા હોવાની આચાર્ય ભીખુભાઈ આજગિયાને જાણ થતાં તેમણે તેમના સંબંધી પાસેથી દાન સ્વરૂપે તમામ બાળકોને ચપ્પલ મેળવી વિતરણ કર્યું હતું. આ બાળકોને ચપ્પલ મળતા તેમના ચહેરા પર અનેરો આનંદ જોવા મળ્યો હતો.




# અમરેલીના ગાવડકાના ખેડૂતોનો ડાયવર્ઝન રોડ સામે વિરોધ



અમરેલી,તા.૨૩

અમરેલીના ગાવડકા ગામમાં ખેડૂતોએ બગસરા-ચલાલા રોડ પરના માઈનોર બ્રિજના ડાયવર્ઝન રોડ સામે વિરોધ નોંધાવ્યો છે. ખેડૂતોને વાડીએ જવા ૫-૭ કિમી ફરવું પડે છે. ડાયવર્ઝન અવાવરું, જંગલ વિસ્તારમાં હોવાથી જંગલી પ્રાણીઓનો ભય રહે છે. ખેડૂતોનું કહેવું છે કે ડાયવર્ઝન નજીક બની શકે છે, પરંતુ એજન્સીએ પોતાના ફાયદા માટે દૂર બનાવ્યું છે. ખેડૂતોએ તંત્રને રજૂઆત કરી છે અને જો માંગણી ન સંતોષાય તો કલેક્ટરને રજૂઆત કરવાની ચીમકી આપી છે.

## અવસાન નોંધ

**સાવરકુંડલા**

હંસાબેન ભરતભાઈ બોરીસાગર (ઉ.વ.૫૬) નું તા.૨૨/૩/૨૫ ને શનિવારના રોજ દુ:ખદ અવસાન થયેલ છે. તે ગૌતમભાઈ ભરતભાઈ બોરીસાગરના માતા થાય છે. તેમનું સદગતનું બેસણું તા. ૨૪/૩/૨૫ને સોમવારના રોજ સાંજે ૪ થી ૬ કલાકે રાજગોર બ્રાહ્મણ બોર્ડિંગ દેવળા ગેઇટ કૃષ્ણ પ્લોટ સાવરકુંડલા ખાતે રાખેલ છે.

## :: અસલ વેચાણ દસ્તાવેજ તથા અસલ રજીસ્ટર્ડ રસીદ ખોવાયા અંગેની જાહેર નોટીસ ::

આથી અમો નીચે સહી કરનાર એડવોકેટ અજય જે. રાઠોડ, રહે. અમરેલીવાળા આથી જાહેર જનતા જોગ આ જાહેર નોટીસ આપી જણાવીએ છીએ કે, ડીસ્ટ્રીકટ અમરેલી સબ ડીસ્ટ્રીકટ વ તાલુકો બગસરા તાબાના કુંકાવાવ મોટી ગામે આવેલ રેવન્યુ સર્વે નંબર ૧૪૭ પૈકી ના પ્લોટ નં. ૨૪-સી, ની કુલ ૧૧૧-૨૦-૫૩ ચો.મી. વાળી મીલકત સાધુ ઘનશ્યામભાઈ હરજીવનદાસની માલીકીની આવેલી છે.

આ ઉપરોકત મીલકતના ઉતરોતર દસ્તાવેજો પૈકી રજી. વેચાણ દસ્તાવેજ ૩૪, તા. ૨૧/૧/૧૯૯૪ તથા અસલ રજીસ્ટર્ડ રસીદ કે જે ભીખાભાઈ પોપટભાઈ ભાયાણીના નામનો દસ્તાવેજ છે તે તથા અસલ રજીસ્ટર્ડ રસીદ ખોવાઈ ગયેલ છે, તેવી માહીતી અમોને આપેલ છે, જેથી ઉપરોક્ત અસલ રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ તથા અસલ રજીસ્ટર્ડ રસીદ જો કોઈને મળેલ હોય કે મળે તો તેમણે નીચે જણાવેલ સરનામે દિન - ૭ માં જાણ કરવા અગર પંહોચતા કરવા આથી જાણ કરવામાં આવે છે. આ ઉપરાંત મીલકતની માલીકી બાબતેના ટાઈટલ બાબતે કોઈને પણ કોઈ પણ પ્રકારનો હકક હીત સંબધ હોય તો તે હકક- હીત સંબધેના જરૂરી આધાર પુરાવાઓ અમારી પાસે દિન - ૭ ની અંદર અમારા નીચેના સરનામે રજુ કરશો. આ ઉપરોકત મીલકત સંબધે કોઈ પણ પ્રકારના રેવન્યુ ખાતામાં, પંચાયત વિભાગમાં, કે કોઈ પણ પ્રકારની કોર્ટમાં કે અન્ય કોઈ પણ જગ્યાએ વાદ વિવાદ ચાલતા હોય કે ચાલેલ હોય તો તેવા વાદ વિવાદના પક્ષકાર કે પક્ષકારોએ સાધનીક કાગળો સાથે આ નોટીસની તારીખથી દિન-૭ માં અમારો નીચેના સરનામે સંપર્ક કરવો. જો તેમ નહી કરવામાં આવે તો આ ઉપરોકત મીલકત ટાઈટલ કલીયર છે તેવુ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે, ત્યારબાદ કોઈ પણનો વાંધો વચકો કે તકરાર ચાલશે નહી જેની જાહેર જનતાએ નોંધ લેવી.

અમરેલી.

અજય જે. રાઠોડ
એડવોકેટ
જુના માર્કટયાર્ડ, પહેલા માળે,હરીરામ હોલસેલ માર્કેટ, કોગ્રેસ કાર્યાલયની સામે, અમરેલી
મો. નં.૯૮૨૪૯ ૩૦૩૧૬

**નિત્યા સ્કીન ક્લિનીક**
સ્કીન । હેર । કોસ્મેટોલોજી । લેસર
ઉપલબ્ધ સારવાર
- ચામડીના રોગો દાદર, ખસ, ખરજવું, હઠીલા રોગોની સારવાર
- વાળ તથા નખને લગતા રોગોની સારવાર
- એલર્જી તથા ગુપ્ત રોગોની સારવાર
- અણગમતા વાળ માટે Diode Laser Hair Reduction ની સારવાર
- Tattoo Remove તથા Pigmentation માટે Active Q Switch Laser ની સારવાર
- Hydra Facial, Carbon Facial, Oxygeneo Facial
- Botox, Filler, Thread Lift
- Hair Transplantation

ડો. જુહી ઠકકર
M.D. (Skin & VD)
ફેલોશીપ ઈન લેસર્સ એન્ડ કોસ્મેટીકસ
ચામડી, નખ, વાળ, ગુપ્ત રોગો તથા કોસ્મેટીકનાં નિષ્ણાંત
કેસ નોંધાવવા માટે : Mo. 93135 71971

**રુદ્રમ ઓર્થોપેડીક હોસ્પિટલ**
ઉપલબ્ધ સારવાર
- જોઈન્ટ રિપ્લેસમેન્ટ સર્જરી Hip (થાપા), Knee (ઢીચણ), Shoulder (ખભો), Elbow (કોણી)
- દૂરબીન વડે સાંધાના ઓપરેશનની સારવાર (Arthroscopy) • સાંધા બચાવવાનું ઓપરેશન (HTO)
- ગંભીર ફ્રેકચર તથા એકસીડેન્ટ કેસની સારવાર • કમરના મણકાની ઈજા તથા ખસી ગયેલ ગાદીની સારવાર
- રશિયન પધ્ધતિથી સારવાર (Ilizarov) • અમરેલી જિલ્લાનું સૌપ્રથમ DR સિસ્ટમવાળુ ડીજીટલ એક્સ-રે-મશીન
- બે કલાસ 100 મોડયુલર ઓપરેશન થીયેટર

ડો. પ્રતિક પ્રજાપતિ
M.S. Ortho DNB Ortho FIAS
કન્સલ્ટન્ટ જોઈન્ટ રિપ્લેસમેન્ટ એન્ડ ઓર્થોસ્કોપી સર્જન
કેસ નોંધાવવા માટે : Mo. 99250 76561

પરમ હાઈટ્સ, બીજો માળે, ICICI Bank ની બાજુમાં, મોટા બસ સ્ટેન્ડ પાસે, અમરેલી । O.P.D. સમય : સવારે 9:00 થી 1:00, સાંજે 5:00 થી 8:00 (સોમ થી શનિ), રવિવારે સવારે 10:00 થી 1:00

રાજય સરકારે રૂ.૪.૫૦ કરોડના ખર્ચે અદ્યતન સુવિધાસભર હોસ્પિટલ બનાવી છે પરંતુ

# બગસરાની સિવિલ હોસ્પિટલ ફાયર એનઓસીના વાંકે ખંડેર બનવા તરફ

**સ્થાનિક આગેવાનોને દર્દીઓની હાલાકી કોરાણે મૂકી ફોટોસેશનમાં વધુ રસ**

બગસરા,તા.૨૩

બગસરામાં રૂા.૪.૫૦ કરોડના ખર્ચે નવી સરકારી હોસ્પિટલનું કામ પુરૂ થઈ ગયા બાદ હવે ફાયર એનઓસીના વાંકે હોસ્પિટલ ધૂળ ખાઈ રહી છે. જો કે આ અંગે ફાયર એજન્સીની ઢીલી નીતિ હોવાનું પણ સામે આવ્યુ છે. બગસરા શહેરની મધ્યમાં આવેલ સરકારી હોસ્પિટલને અદ્યતન બનાવવા માટે ચાર કરોડ રૂપિયાથી વધુની ગ્રાન્ટ ફાળવી હતી. હોસ્પિટલનું કામ બે મહિનાથી પુરૂ થઈ ગયુ છે. છેલ્લાં બે વર્ષથી સરકારી હોસ્પિટલ ગામથી ૩ કિ.મી. દૂર હોવાથી દર્દીઓ ભારે હાલાકી ભોગવી રહ્યાં છે. સરકારી હોસ્પિટલ બની




ગઈ છે પરંતુ ફાયર એનઓસીના વાંકે હવે ખંડેર બનવા તરફ જઈ રહી છે. હોસ્પિટલ તાત્કાલિક શરૂ થાય તેની રજૂઆત કરવાની જવાબદારી જેના શીરે છે તેવા સંસ્થાના આગેવાનો અને રાજકિય આગેવાનોને સરકારી કાર્યક્રમમાં વધુ રસ છે. ધારાસભ્ય દ્વારા પણ આ બાબતે કોઈ રજૂઆત કરવામાં આવતી ન હોવાનું દર્દીઓ જણાવી રહ્યા છે. આમ, દર્દીઓની હાલાકીનો કંઈ જ વિચાર કરવામાં આવતો ન હોવાથી શહેરીજનોમાં રોષ ફેલાયો છે. શહેરની અદ્યતન હોસ્પિટલ ખંડેર બને તે પહેલા શરૂ કરવામાં આવે તેવી માંગ ઉઠવા પામી છે.

# સાવરકુંડલામાં પોલીસ કર્મચારીઓ માટે વિવિધ રોગોનો નિદાન કેમ્પ યોજાયો

અમરેલી,તા.૨૩

સાવરકુંડલામાં પોલીસ પરિવારો માટે સુરક્ષા સેતુ સોસાયટી અંતર્ગત મફત નિદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. સાવરકુંડલા પોલીસ લાઈન ખાતે યોજાયેલા આ કેમ્પમાં સ્થાનિક તબીબી ટીમે વિવિધ રોગોનું નિદાન કર્યું હતું. સાવરકુંડલા રૂરલ અને ટાઉન પોલીસના કર્મચારીઓ અને તેમના પરિવારજનોએ આ કેમ્પનો લાભ લીધો હતો. કાર્યક્રમમાં



એએસપી સહિતના પોલીસ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા. સાવરકુંડલાના એએસપી વલય વૈદ્યએ જણાવ્યું કે, પોલીસકર્મીઓના માતા-પિતા અને પરિવારજનો માટે ખાસ આ મેડિકલ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. તેમણે ઉમેર્યું કે, પોલીસ પરિવારમાં કોઈ બીમાર હોય તો તેનું નિદાન થાય તે હેતુથી આ કેમ્પનું આયોજન કરાયું હતું.

# અમરેલીના ઈશ્વરીયા ગામે ઘરફોડના બે બનાવથી ચકચાર

અમરેલી, તા.૨૩

અમરેલીના ઈશ્વરીયા ગામે ઘરફોડનો બનાવ બન્યો હતો. ગૃહઉદ્યોગનો ધંધો કરતા વિકાસભાઈ જીતેન્દ્રભાઈ વામજા (ઉ.વ.૨૪)એ અજાણ્યા ચોર ઈસમ સામે નોંધાવેલી ફરિયાદ પ્રમાણે, તેમના ઘરે તથા સાહેદ કિશોરભાઈ બચુભાઈ વામજાના રહેણાંક મકાને કોઈ અજાણ્યો ચોર ઈસમ રહેણાંક મકાનોની વંડી ટપી પ્રવેશ્યો હતો. તેણે તેના ઘરની તીજોરીમાં પડેલ રોકડ રૂા.૨૫,૦૦૦ તથા નાના મોટા ચાંદીના દાગીના કિં.રૂા.૪૮૫૦ તેમજ સાહેદ કિશોરભાઈ બચુભાઈ વામજાના રહેણાંક મકાનેથી સોના ચાંદીના દાગીના જેની કિં.રૂા.૧૭,૭૦૦ મળી એમ કુલ રૂા.૪૭,૫૫૦ના મુદ્દામાલની ચોરી કરી ફરાર થઈ ગયો હતો. અમરેલી તાલુકા પોલીસ સ્ટેશનના એએસઆઈ એમ.એ. જાદવ વધુ તપાસ કરી રહ્યા છે.

# આજે તો બધાના કટકા કરી નાખવા છે તેમ કહી મહિલાને જાનથી મારી નાખવાની ધમકી

**બાબરાના કલોરણા ગામે બનાવ બન્યો**

બાબરા, તા.૨૩

બાબરાના કલોરાણા ગામે એક મહિલાને 'બોવ પાણીયાળીના છો તો આવો આજે તો બધાના કટકા કરી નાખવા છે' તેમ કહી જાનથી મારી નાખવાની ધમકી આપવામાં આવી હતી. બનાવ અંગે હંસાબેન હિંમતભાઈ ઝાપડીયા (ઉ.વ.૪૦)એ મુકેશભાઈ રવજીભાઈ ઝાપડીયા, નિમુબેન મુકેશભાઈ ઝાપડીયા તથા સંજયભાઈ રવજીભાઈ ઝાપડીયા સામે નોંધાવેલી ફરિયાદ પ્રમાણે, પાણીની પાઈપ લાઈન નાખવા બાબતે થયેલા ઝગડાનું મનદુઃખ રાખી મુકેશભાઈ તથા નિમુબેન તેમની તથા સાહેદ પાસે આવી જેમફાવે તેમ ગાળો આપી ઝગડો કરવા લાગ્યા હતા. જેથી તેમણે ગાળો આપવાની ના પાડતા આરોપી મુકેશભાઈએ એકદમ ઉશ્કેરાઈ જઈ તેના ઘરમાંથી લાકડાનો ધોકો લઈ આવી સાહેદ હીંમતભાઈને માથા ઉપર માર્યો હતો. તેમજ વાંસામાં તથા હાથ ઉપર ધોકા મારવા લાગતા તેઓ વચ્ચે પડતા તેને પણ મુકેશભાઈએ ડાબા હાથ ઉપર તથા વાંસામાં એક-એક ધોકો માર્યો હતો. આરોપી નિમુબેન તેમને ઢીકાપાટુથી માર મારવા લાગ્યા હતા. બંને આરોપીઓએ તેમને તથા સાહેદને જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. આરોપી સંજયભાઈએ પાછળથી આવી જેમફાવે તેમ ગાળો આપી, 'ક્યાં ગ્યા બધાય બોવ પણીયાળીના છો તો આવો આજે તો બધાના કટકા કરી નાખવા છે' તેમ કહી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. બાબરા પોલીસ સ્ટેશનના એએસઆઈ એમ.એમ. રાઠોડ વધુ તપાસ કરી રહ્યા છે.

# અમરેલીમાં મહિલાને તેના પૂર્વ પતિએ છરીના ઘા મારવાની ધમકી આપી

**ફરિયાદી હાલ મૈત્રી કરારમાં રહે છે**

અમરેલી, તા.૨૩

અમરેલીમાં રહેતી એક મહિલાને તેના પૂર્વ પતિએ છરીના ઘા મારવાની તથા જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. બનાવ અંગે મદીનાબેન યુનુસભાઈ પઠાણ (ઉ.વ.૨૨) એ ઈફતાર અનવરભાઈ પઠાણ સામે નોંધાવેલી ફરિયાદ પ્રમાણે, તેઓ હાલ બ્રિજેશકુમાર શૈલેષભાઈ કારેલીયા સાથે મૈત્રી કરાર કરીને રહે છે. જેથી તેના પૂર્વ પતિને સારૂ નહોતું લાગ્યું અને ફોન ઉપર જેમ ફાવે તેમ ગાળો આપી છરીના ઘોદા મારવાની તથા જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. અમરેલી સિટી પોલીસ સ્ટેશનના એએસઆઈ એસ. એચ. દાફડા વધુ તપાસ કરી રહ્યા છે.

# માછીમારોને વિવિધ સહાય અને ડીઝલમાં ભાવ ઘટાડો આપવા કોંગ્રેસ દ્વારા સરકારમાં રજૂઆત

**સમગ્ર રાજયના માછીમારોને રાહત આપવા માંગ**

અમરેલી, તા.૨૩



જાફરાબાદ શહેર યુવક કોંગ્રેસ પ્રમુખ અને ખારવા સમાજના યુવા અગ્રણી વિઠ્ઠલભાઈ સોલંકી દ્વારા જાફરાબાદ સહિત દરિયાઈ માછીમારોને સહાય જાહેર કરવા અને ડીઝલના ભાવ ઘટાડવા માટે સરકારમાં રજૂઆત કરવામાં આવી છે. જાફરાબાદમાં ઘણા સમયથી માછીમાર સમાજના ટંડેલ ભાઈઓ પોતાની બોટ ચાલુ કરવા માટે ઘરેણાં ગીરવે મૂકી અથવા વધુ વ્યાજ પર પૈસા લઈ પોતાનો ધંધો ચલાવે છે. આથી તેમણે સરકારને અપીલ કરી છે કે માત્ર જાફરાબાદના માછીમારો જ નહીં પણ સમગ્ર ગુજરાતના માછીમારોને ડીઝલમાં ૨૫ રૂપિયાનો ઘટાડો થવો જોઈએ. તેમણે જણાવ્યું કે, સરકારે માછીમારો ઉપર દયાભાવ રાખીને કોઈ પેકેજ જાહેર કરી સહાય કરવી જોઈએ.

# સાવરકુંડલાના સ્વામિનારાયણ ગુરુકુળમાં સાયન્સ ક્વિઝ યોજાઈ

સાવરકુંડલા, તા.૨૩



સાવરકુંડલામાં જેસર રોડ પર આવેલા સ્વામિનારાયણ ગુરુકુળમાં તા.૨૩ના રોજ ધોરણ ૬થી ૯ ના વિદ્યાર્થીઓ માટે સાયન્સ ક્વિઝનું આયોજન શાળાના શિક્ષક વિશાલભાઈ અને નીલમબેન વિરાણી દ્વારા કરવામાં આવેલ. જેમાં સહયોગી શિક્ષક વેકરીયાભાઈ, તૃપ્તિબેન રાવળ અને એભલભાઈએ ભૂમિકા નિભાવી હતી. વિદ્યાર્થીઓ ઉત્સાહ સાથે કાર્યક્રમમાં જોડાયા હતા. આ કાર્યક્રમનું માર્ગદર્શન અને સંચાલન શાળાના આચાર્ય ગિરીશભાઈ વ્યાસે કર્યું હતું.

# અમરેલીના સરંભડા ગામના યુવકને 'પોલીસને શું કામ જાણ કરે છે' કહી ફડાકો ઝીંક્યો

**જાનથી મારી નાખવાની ધમકી પણ ઉચ્ચારી**

અમરેલી, તા.૨૩

અમરેલીના સરંભડા ગામે નદીના પટમાં એક યુવકને ઉભો રાખી 'પોલીસને શું કામ જાણ કરે છે' તેમ કહી ગાળો બોલી લાફો માર્યો હતો. તેમજ જાનથી મારવાની ધમકી આપી હતી. બનાવ અંગે પ્રતાપભાઈ બાબુબાઈ દાફડા (ઉ.વ.૩૩)એ તરવડા ગામના રણજીતભાઈ બીચ્છુભાઈ ડાંગર સામે નોંધાવેલી ફરિયાદ મુજબ, આરોપી સરંભડા ગામની નદીના પટમાં અવારનવાર ગેરકાયદે ધંધો કરતા હતા. આ બાબતે તેમણે પોલીસને જાણ કરી હતી. જેથી તેમને નદીના પટમાં ઉભા રાખીને 'પોલીસને શું કામ જાણ કરે છે' તેમ કહી ગાળો બોલીને એક લાફો માર્યો હતો. ઉપરાંત ધક્કો મારી પછાડી દઈને જાનથી મારવાની ધમકી આપી હતી. અમરેલી એસસી એસટી સેલના નાયબ પોલીસ અધિક્ષક પી.આર. રાઠોડ વધુ તપાસ કરી રહ્યા છે.

## આજનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૮૧, તિથિ: દશમ
તા. ૨૪-૦૩-૨૦૨૫, સોમવાર, સૂર્યોદય-૦૬:૨૧,
સૂર્યાસ્ત-૦૬:૩૪, જૈન નવકારશી-૮-૧૦,
નક્ષત્ર: ઉત્તરષાઢા

## દૈનિક રાશિફળ

તા.૨૪-૦૩-૨૦૨૫ સોમવાર

- મેષ: આજે તમે તમારી ભાવનાઓને સારી રીતે વ્યક્ત કરી શકશો. આજે વિદ્યાર્થીઓ પોતાના માટે નવું પુસ્તક અથવા શિક્ષણ સંબંધિત કોઈપણ સામગ્રી ખરીદી શકે છે.
- વૃષભ: આ દિવસે તમારી એકાગ્રતા ઘટી શકે છે, જેના કારણે કરિયર અને શિક્ષણ ક્ષેત્રે પડકારોનો સામનો કરવો પડી શકે છે.
- મિથુન: આ દિવસે મિથુન રાશિના જાતકોએ પોતાના ભોજનનું વિશેષ ધ્યાન રાખવું પડશે, નહીં તો પાચનતંત્ર પર ખરાબ અસર પડી શકે છે.
- કર્ક: તમને ખૂબ જ સંવેદનશીલ અને બીજાની સંભાળ રાખનારા માનવામાં આવે છે, આજે આ ગુણોથી તમે તમારી આસપાસના લોકોને પ્રભાવિત કરી શકો છો.
- સિંહ: આજે ઉર્જા અને સકારાત્મકતાથી ભરેલા રહેશે. તમારી તર્ક ક્ષમતા પણ આજે જબરદસ્ત રહેશે. જે લોકો નોકરી કરે છે તેને લાભ થશે.
- કન્યા: આ દિવસે તમારા જીવનસાથી તરફથી સારું સરપ્રાઈઝ મળી શકે છે અથવા તો તમે તેમને સરપ્રાઈઝ આપી શકો છો.
- તુલા: આજે ગ્રહોની સ્થિતિ તુલા રાશિના લોકોને પારિવારિક જીવનમાં સુખદ અનુભવ કરાવશે. આજે તમે તમારા બાળકો અથવા પરિવારના સભ્યો માટે ભેટ ખરીદી શકો છો.
- વૃશ્ચિક: આજે તમને ભાગ્યનો સાથ મળશે અને બગડતા કામો પણ થવા લાગશે. પરંતુ સારી વાત એ છે કે આજે તમે કાર્યસ્થળમાં ખૂબ વ્યસ્ત રહેશો.
- ધન: આ દિવસે, તમે એવા લોકો સાથે સમય પસાર કરવાનું પસંદ કરશો જેઓ મનની શાંતિ માટે તેમના શબ્દો બોલવા કરતાં તમારા શબ્દો સાંભળવા વધુ પસંદ કરે છે.
- મકર: આજે ઓનલાઈન ખરીદી કરીને ઘરના લોકો માટે તેમની પસંદગીની વસ્તુઓ ખરીદી શકો છો. આ રાશિના લોકોને કરિયરના ક્ષેત્રમાં પણ ફાયદો થશે.
- કુંભ: બારમા ભાવમાં ચંદ્રની હાજરીને કારણે તમે યોગ-ધ્યાન અથવા ઘરના કોઈ વરિષ્ઠ વ્યક્તિ સાથે વાત કરીને દરેક સમસ્યાનો ઉકેલ મેળવી શકો છો.
- મીન: આજે લાભ થઈ શકે છે. આ રાશિના જે લોકો પોતાનો બિઝનેસ કરે છે તેમને સારો ફાયદો થવાની સંભાવના છે. પારિવારિક જીવનમાં પણ તમને સારા પરિણામ મળશે.

# સાવરકુંડલાની ઘેલાણી મહિલા આર્ટ્સ કોલેજમાં ટી.વાય. બી.એ.ની વિદ્યાર્થિનીઓનો વિદાય સમારંભ યોજાયો

સાવરકુંડલા, તા.૨૩

સાવરકુંડલામાં શ્રી નૂતન કેળવણી મંડળ સંચાલિત શ્રીમતી વી.ડી. ઘેલાણી મહિલા આર્ટ્સ કોલેજમાં ટી.વાય.બી.એ.ની વિદ્યાર્થિનીઓનો વિદાય સમારંભ પ્રિન્સિપાલ ચાવડાના માર્ગદર્શન હેઠળ યોજાયો હતો. જેમાં જાનવી નિમાવત અને સાનિયા જાદવે વિદાયગીત રજૂ કર્યા હતા.



કોલેજની વિદ્યાર્થિનીઓમાં ગોત ખુશી, હર્ષિતા પટગીર, ખુશ્બૂ દેવમુરારી, ચુડાસમા આરતી, આસિયા ચૌહાણ, રાજેશ્રી બોરિચા, અસ્મિતા મહેતા, નંદિની માલાણી, રેણુકા પાયલ, કવા કિંજલ તેમજ હેતલ વાઘેલાએ પોતાના પ્રતિભાવો આપતા કોલેજના સંસ્મરણોને વાગોળ્યા હતા. પ્રો. છાયાબેન શાહે વિદ્યાર્થિનીઓને ઉજ્જવળ ભવિષ્ય માટે શુભકામનાઓ પાઠવી હતી. કાર્યક્રમમાં ઉદ્ઘોષકની ભૂમિકા તેજલ બારૈયા અને અસ્મિતા મહેતાએ નિભાવી હતી. કાર્યક્રમનું સંચાલન પ્રો. ડો. કે.પી. વાળા અને પ્રો. કે.બી. પટેલે કર્યું હતું.

# બાબરાના મોટા દેવળીયા ગામે ફરજાની ગમાણમાંથી દારૂની ૧૫ બોટલ ઝડપાઈ

અમરેલી, તા.૨૩

અમરેલી જિલ્લામાં વધુ બે સ્થળેથી ભારતીય બનાવટના વિદેશી દારૂની બોટલ ઝડપાઈ હતી. બાબરાના મોટા દેવળીયા ગામે રાણાભાઈ જગાભાઈ ડેર (ઉ.વ.૪૫) ની ભોગવટાની વાડીએ આવેલા ઢોર બાંધવાના ફરજાની ગમાણમાંથી ભારતીય બનાવટના વિદેશી દારૂની અલગ-અલગ બ્રાન્ડની ૧૫ બોટલ પકડાઈ હતી. પોલીસે રૂ.૧૦,૨૬૫નો પ્રોહિબીશન મુદ્દામાલ જપ્ત કર્યો હતો. સાવરકુંડલા અમરેલી રોડ બાયપાસ ચોકડી પાસે એક યુવક પાસેથી દારૂની ૭ બોટલો અને બાઈક મળી રૂ. ૩૧,૩૯૯નો પ્રોહિબીશન મુદ્દામાલ જપ્ત કરાયો હતો. રામપરા-૨ ગામેથી ૫ લીટર અને સનાળી ગામેથી ૩ લીટર પીવાનો દેશી દારૂ મળ્યો હતો. આ સિવાય જિલ્લામાંથી ચાર ઈસમો કેફી પીણું પીધેલી હાલતમાં ફરતા મળી આવ્યા હતા.

# ઢસાના વેપારીને ૧૫ દિવસના વાયદે માલ આપવાનું ભારે પડ્યું

**રૂા.૪૦ લાખની છેતરપિંડી મામલે દામનગર પોલીસમાં ફરિયાદ**

દામનગર, તા.૨૩

ઢસાના એક વેપારીને ૧૫ દિવસના વાયદે માલ આપવાનું ભારે પડ્યું હતું. તેની સાથે રૂ.૪૦ લાખની છેતરપિંડી કરવામાં આવી હતી. બનાવ અંગે ચિરાગભાઈ રાજેન્દ્રભાઈ ગાંગડીયા (ઉ.વ.૪૦)એ વીરેનભાઈ સુરેશભાઈ લુણાગરીયા, દર્શનભાઈ રમણીકભાઈ ભાલાળા, સુરેશભાઈ ગોવિંદભાઈ લુણાગરીયા તથા રમણીકભાઈ ચકુભાઈ ભાલાળા સામે પોલીસ ફરિયાદ નોંધાવી હતી. પોલીસ ચોપડે જાહેર થયેલી વિગત પ્રમાણે, આરોપીઓ સિધ્ધનાથ કોટેક્ષ પ્રાઈવેટ લીમીટેડના ડાયરેક્ટરો તથા વહીવટદાર વેપારી હતા. આરોપીઓએ તેમનો વિશ્વાસ કેળવી તેમની માતંગી કોટન ઈન્ડસ્ટ્રીઝ ખાતે અલગ-અલગ બીલથી રૂ.૧,૬૮,૪૨,૨૭૯ ના કપાસના રૂની ગાંસડી (કોટન બેલ્સ) નો માલ પંદર દિવસના વિશ્વાસ ભરોસે ઉધારીમાં વેચાણથી મંગાવ્યો હતો. જેના બાકી રહેતા બીલના રૂ.૪૦,૩૮,૬૫૧ ભરપાઈ કરવા તેણે તથા સાહેદે અવારનવાર ઉઘરાણી કરવા છતાં આપ્યા નહોતા. દામનગર પોલીસ સ્ટેશનના પીઆઈ આર.વાય. રાવલ વધુ તપાસ કરી રહ્યા છે.

# ખાંભાના જામકા ગામે એ.સી. કોના માટે લઈને જાવ છો? પૂછતાં જાનથી મારવાની ધમકી આપી

**ખાંભા પોલીસે વધુ તપાસ હાથ ધરી**

ખાંભા, તા.૨૩

ખાંભાના જામકા ગામે 'તમે એ.સી. કોના માટે લઈને જાવ છો?' તેમ પૂછતાં યુવકને જાનથી મારી નાખવાની ધમકી આપવામાં આવી હતી. બનાવ અંગે મંગાભાઈ પીઠાભાઈ જોલાપરા (ઉ.વ.૩૭)એ ભીખાભાઈ ઉર્ફે શાંતિભાઈ વાલજીબાઈ સોંદરવા તથા ભીમાભાઈ કાળાભાઈ ખસીયા સામે નોંધાવેલી ફરિયાદ પ્રમાણે, તેઓ શાણા વાંકીયા રોડે તેની જમીન આવેલી છે ત્યાં હાજર હતા.

તે વખતે તેમની છકડો રીક્ષામાં એ.સી. લઈને નીકળતાં તેમને 'એ.સી. કોના માટે લઈને જાવ છો?' તેમ પૂછતા આરોપીને સારૂ નહોતું લાગ્યું, તે વાતનું મનદુઃખ રાખી જામકા ગામના બસ સ્ટેશન પાસે આવેલ મઢીના પુલ પાસે ફોન કરી બોલાવ્યા હતા. જે બાદ જેમ ફાવે તેમ બિભત્સ ભાષામાં ગાળો આપતા તેમણે ગાળો આપવાની ના પાડી હતી.

જેથી તેમને જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. ખાંભા પોલીસ સ્ટેશનના એએસઆઈ બી.એમ. વાળા વધુ તપાસ કરી રહ્યા છે.

તંત્રી લેખ

# ભારતની મુક્ત વેપાર વ્યુહરચના

ભારત ની મુક્ત વ્યાપાર નીતિ બીજા દેશો કરતા અલગ છે. ભારત માત્ર બીજા દેશોમાંથી આયાત જ નથી કરતુ નિકાસ પણ કરે છે. એક સમય એવો હતો કે ભારતને માત્ર અમેરિકા અને યુરોપિયન દેશો સાથે નજીકના વ્યાપારી સંબંધો હતા પરંતુ હવે ભારતે ગલ્ફના દેશો તથા આરબ અમીરાત તથા આફ્રિકન દેશો સાથે પણ મુક્ત વ્યાપાર માટેના દરવાજા ખોલી નાખ્યા છે. ભારતની મુક્ત વ્યાપારની વ્યુહરચના હવે નવી કરવામાં આવી છે આ અંગે ભારતના વિદેશ મંત્રીએ મહત્વની વિગતો જાહેર કરી છે કે ભારત હવે વિકસિત ભારત બનતું જાય છે.

આગામી થોડા દાયકાઓમાં તે વિશ્વનું સૌથી મોટું અર્થતંત્ર બને તેવું બની શકે. ભારતની મુક્ત વ્યાપાર નીતિ અન્ય દેશો કરતા જુદી પડે છે આ માટે નવી વ્યુહરચના પણ ઘડવામાં આવી છે જેની અંતર્ગત હવે ગલ્ફના દેશો સાથે પણ ભારત મુક્ત વ્યાપારની શરૂઆત કરશે. વિદેશ મંત્રી એસ જયશંકરે ભારતની મુક્ત વેપાર વ્યુહરચના પર વાત કરી છે. તેમણે વેપાર નીતિ સંબંધિત ઘણા પાસાઓ જાહેર કર્યા છે. મુક્ત વેપાર કરારો હંમેશા ભારત માટે મહત્વપૂર્ણ રહ્યા છે. હવે આ વધુ મહત્વપૂર્ણ બની ગયા છે.

ભારત આ સમજે છે. હાલમાં, ભારત ત્રણ મહત્વપૂર્ણ કરારો પર કામ કરી રહ્યું છે. આ કરારો યુરોપિયન યુનિયન, બ્રિટન અને અમેરિકા સાથે છે. ન્યુઝીલેન્ડ સાથે પણ વાતચીત શરૂ થઈ ગઈ છે. કેટલાક વધુ કરારો પણ પાઈપલાઈનમાં છે. આજના અનિશ્ચિત વિશ્વમાં આ પ્રયાસોનું મહત્વ સમજવું મહત્વપૂર્ણ છે. આપણે ફાયદા અને ગેરફાયદા પર ધ્યાનપૂર્વક વિચાર કરવો પડશે. ઉપરાંત, એ પણ જોવું પડશે કે કંઈ ન કરવાથી શું નુકસાન થશે. એસ જયશંકરે કહ્યું કે આ કરારોથી કેટલાક ફાયદા પણ થઈ શકે છે. ખાસ કરીને સંવેદનશીલ ટેકનોલોજીના કિસ્સામાં. ભારત હંમેશા 'ભારત પ્રથમ'ની નીતિ અપનાવશે. તેમણે કહ્યું- અમારું લક્ષ્ય 'વિકસિત ભારત' છે. આપણી વિચારસરણી આ સંબંધોમાં છુપાયેલી સંભાવનાઓને આપણે કેવી રીતે ઓળખીએ છીએ અને તેનો ઉપયોગ કેવી રીતે કરીએ છીએ તેના પર આધારિત હશે.

વિદેશ મંત્રી એસ જયશંકરે કહ્યું કે મુક્ત વેપાર કરાર ભારત માટે મહત્વપૂર્ણ છે. આ ખાસ કરીને યુરોપિયન યુનિયન તથા યુનાઈટેડ કિંગડમ તથા અમેરિકા સાથે તે સંબંધિત છે. ભારત 'ઈન્ડિયા ફર્સ્ટ' નીતિ અપનાવશે. જયશંકરે કહ્યું કે પહેલા ભારતનો મોટાભાગે એશિયન દેશો સાથે વેપાર હતો. હવે તે સંતુલન સાધવાની પ્રક્રિયામાં છે. અમેરિકા સાથે મહત્વના અને નજીકના સંબંધ હોવા છતાં ભારતે રશિયા સાથે પણ વ્યાપાર કરેલો છે આવી જ રીતે અમેરિકાને ઈરાન સાથે સતત ટેન્શન હોવા છતાં ભારત તેની પાસેથી તેલ ખરીદતું હતું. ભારતે સ્પષ્ટ કહ્યું છે કે ભારતે કોની સાથે વેપાર કરવો અને કોની સાથે ન કરવો તે તેની આંતરિક બાબત છે તેમાં અન્ય દેશનો હસ્તક્ષેપ હોઈ શકે નહીં.

મુક્ત વ્યાપાર બાબતમાં પણ ભારતની નીતિ ચોખ્ખી છે. કારણ કે ભારતે પણ અમેરિકાની જેમ જ ઈન્ડિયા ફર્સ્ટની નીતિ અપનાવેલી છે અને એ મુજબ મુક્ત વ્યાપારની વ્યુહરચના ઘડવામાં આવી છે. ભારતના વૈશ્વિક આર્થિક સંબંધોમાં વેપાર કરાર હંમેશા મહત્વપૂર્ણ રહ્યા છે. ભારતે હવે આને વધુ સમજવાની જરૂર છે. ભારત હાલમાં યુરોપિયન યુનિયન, યુકે અને યુએસ સાથે મુક્ત વિશ્વ વ્યાપાર પર વાટાઘાટો કરી રહ્યું છે. તેમણે એમ પણ જણાવ્યું કે ન્યુઝીલેન્ડ સાથે પણ વાતચીત શરૂ થઈ ગઈ છે. આ ઉપરાંત, કેટલાક વધુ કરારો પણ થવાના છે. આજના અનિશ્ચિત વિશ્વમાં આ પ્રયાસોનું મહત્વ સમજવું મહત્વપૂર્ણ છે. તેમણે કહ્યું, 'આપણે ફાયદા અને ગેરફાયદાને કાળજીપૂર્વક જોવા પડશે.' ઉપરાંત, આપણે એ પણ જોવું પડશે કે જો આપણે કંઈ ન કરીએ તો શું નુકસાન થશે.

# સ્પર્ધાત્મક પરીક્ષા માટે ગણિતનું માર્ગદર્શન

## લ.સા.અ તથા ગુ.સા.અ.

નમસ્કાર મિત્રો,

આજે આપણે ખૂબજ સરળ તથા અગત્યનાં પ્રકરણ લ.સા.અ.(લઘુત્તમ સામાન્ય અવયવી) તથા ગુ.સા.અ.(ગુરૂત્તમ સામાન્ય અવયવ) વિશે જોઈશું. આ પ્રકરણ અન્ય પ્રકરણો માટે પાયાનું પ્રકરણ છે. ખાસ કરીને અપૂર્ણાંક સંખ્યાનું સાદુરૂપ આપવા લ.સા.અ.નો ઉપયોગ કરીએ છીએ. લ.સા.અ. અને ગુ.સા.અ.નાં પ્રશ્નો સામાન્ય તલાટી કમ મંત્રીની પરીક્ષાથી લઈ GPSC-1-2 સુધીની પરીક્ષામાં પૂછાયેલા છે. ખાસ કરીને પરીક્ષામાં પૂછાતા વ્યવહારૂ કોયડા સ્વરૂપનાં પ્રશ્નો એ આ પ્રકરણની વિશેષતા છે.

હવે આપણે સૌ પ્રથમ લઘુત્તમ સામાન્ય અવયવી જેને ટૂકમાં લ.સા.અ. કહે છે. તેના વિશે જોઈશું. લ.સા.અ. સમજીએ તે પહેલા અવયવ અને અવયવી વિશે સમજ મેળવવી જરૂરી છે.

● **અવયવ(Factor)** : આપેલી સંખ્યાને જે સંખ્યા વડે નિ:શેષ ભાગી શકાય તે બધી સંખ્યાઓ આપેલી સંખ્યાનાં અવયવો છે.

(નોંધ : અહીં આપણે ધનપૂર્ણાંક સંખ્યાનો જ વિચાર કરીશું)

દા.ત. 12 ને 1,2,3,4,5,6 અને 12 વડે નિ:શેષ ભાગી શકીએ છીએ. તેથી 1,2,3,4,6 અને 12 એ 12ના અવયવો છે.

63નાં અવયવો= 1,3,7,21,63

અવયવને બીજા શબ્દોમાં સમજીએ તો આપેલી સંખ્યાને બે ભિન્ન સંખ્યાઓના ગુણાકાર સ્વરૂપમાં વ્યક્ત કરી શકીએ તો તે બંને સંખ્યાઓ આપેલી સંખ્યાના અવયવો છે.

જેમકે, 27=1X27, 27=3X9

તેથી 1,3,9,27 એ 27ના અવયવો છે.

અવયવની વ્યાખ્યા પરથી નીચેના મુદ્દાઓ સ્પષ્ટ છે.

→ 1 એ દરેક સંખ્યાનો અવયવ છે.

→ સંખ્યા પોતે પોતાનો અવયવ છે.

→ કોઈપણ સંખ્યાનો અવયવ તે સંખ્યાથી મોટો ન જ હોય.

→ 1 સિવાયની કોઈપણ સંખ્યાને ઓછામાં ઓછા બે ભિન્ન અવયવો છે. 1 ને માત્ર એક જ અવયવ છે અને તે પોતે.

→ કોઈપણ સંખ્યાના અવયવોની સંખ્યા મર્યાદિત છે.

**અવયવી (Multiple)** : આપેલી સંખ્યા વડે જે સંખ્યાઓને નિ:શેષ ભાગી શકાય તેવી બધી સંખ્યાઓને આપેલી સંખ્યાનાં અવયવી કહે છે.

દા.ત. 7,14,21,28,35,.... વગેરેને 7 વડે નિ:શેષ ભાગી શકાય છે તેથી 7,14,21,28,35,.... વગેરે એ 7 ના અવયવી કે ગુણકો છે.

13 નાં અવયવી = 13,26,39,52,65,.....

બીજા શબ્દોમાં કહીએ તો આપેલી સંખ્યાને અનુક્રમે 1,2,3,4,5,.... વડે ગુણતા જે સંખ્યાઓ મળે તે સંખ્યાઓ આપેલી સંખ્યાના અવયવી છે.

જેમકે 9ના અવયવી = 9x1,9x2,9x3,9x4,.....
= 9,18,27,36,.......

અવયવીની વ્યાખ્યા પરથી સ્પષ્ટ છે કે,

→ સંખ્યા પોતે પોતાનો અવયવી છે.

→ કોઈપણ સંખ્યાનો અવયવી તે સંખ્યા કરતાં નાનો ન જ હોય.

→ કોઈપણ સંખ્યાના અવયવીની સંખ્યા અમર્યાદિત છે.

અવયવ અને અવયવીની સમજ મેળવ્યા પછી હવે આપણે લ.સા.અ.(લઘુત્તમ સામાન્ય અવયવી) અને ગુ.સા.અ.(ગુરૂત્તમ સામાન્ય અવયવ)ની સમજ મેળવીએ.

**લ.સા.અ.(લઘુત્તમ સામાન્ય અવયવી)**

લ.સા.અ. એટલે એવી સૌથી નાનામાં નાની સંખ્યા કે જેને આપેલી બધી જ સંખ્યાઓ વડે નિ:શેષ ભાગી શકાય. લ.સા.અ.ને અંગ્રેજીમાં Least common Multiple ટૂંકમાં LCM કહે છે.

આપેલી સંખ્યાઓનો લ.સા.અ. મેળવવાની જુદી જુદી રીતો જોઈએ.

**રીત ૧ :** સંખ્યાઓનાં અવયવી પરથી લ.સા.અ. શોધવો

આ રીતમાં સૌ પ્રથમ આપેલી દરેક સંખ્યાનાં અવયવી મેળવવામાં આવે છે. મેળવેલા અવયવી પૈકી સામાન્ય અવયવી તારવવામાં આવે છે. આ સામાન્ય અવયવી પૈકી સૌથી નાનામાં નાનો સામાન્ય અવયવી એ આપેલી સંખ્યાઓનો લ.સા.અ. છે. ઉદાહરણ દ્વારા સમજીએ.

ઉદાહરણ : 6,8,12 નો લ.સા.અ. શોધો.

સૌ પ્રથમ 6,8 અને 12 નાં અવયવી મેળવીએ.

6 ના અવયવી = 6,12,18,24,36,42,48,.....

8 ના અવયવી = 8,16,24,32,40,48,......

12 ના અવયવી = 12,24,36,48,60,.....

અહીં ત્રણે સંખ્યાઓના અવયવી પૈકી સામાન્ય અવયવી 24,48,72,.... છે. આ પૈકી સૌથી નાનામાં નાનો સામાન્ય અવયવી 24 છે.

**કારકિર્દી માર્ગદર્શન**
**- અમરેલી ગણિત વર્તુળ**
**સૂર્યકાંત પાઠક**
**મો.નં.૯૪૨૭૫૦૫૧૦૭**

તેથી 6,8 અને 12 નો લ.સા.અ. 24 છે.

( 24 ને અને 6,8 અને 12 વડે નિ:શેષ ભાગી શકાય છે.)

**રીત ૨ : અવિભાજ્ય અવયવની રીત :**

અવિભાજ્ય અવયવની રીત ઉદાહરણ દ્વારા જોઈએ.

ઉદાહરણ : 12,15,16 નો લ.સા.અ. શોધો.

સૌ પ્રથમ ત્રણે સંખ્યાઓને અવિભાજ્ય અવયવનાં ગુણાકાર સ્વરૂપે વ્યક્ત કરીએ.

$12 = 2x2x3 = 2^2x3^1$

$15 = 3x5 = 3^1x5^1$

$16 = 2x2x2x2 = 2^4$

અહીં જોઈએ તો અવિભાજ્ય અવયવ 2,3 અને 5 છે. હવે 2,3 અને 5ની જે મોટી ઘાત હોય તે અવિભાજ્ય સંખ્યાઓનો ગુણાકાર એ આપેલી સંખ્યાઓનો લ.સા.અ. છે.

તેથી 12,15,16 નો લ.સા.અ $=2^4x3^1x5^1$
$=16x3x5=240$

**રીત ૩ : ભાગાકારની રીત**

આ રીત સર્વ સ્વીકૃત રીત છે. જો સંખ્યાઓ વધારે અને પ્રમાણમાં મોટી હોય, તો ઉપરોક્ત બંને રીત કરતા આ રીત વધુ સરળ બને છે. આ રીતમાં સૌ પ્રથમ ૨ વડે દરેક સંખ્યાને ભાગીએ છીએ. જયાં સુધી કોઈ સંખ્યાને ૨ વડે ભાગી શકાતા હોય ત્યાં સુધી આ ક્રિયા ચાલુ રાખવામાં આવે છે. આ તબક્કે આપેલી સંખ્યા પૈકી કોઈ સંખ્યા ૨ વડે વિભાજ્ય ન હોય તો તે યથાવત રાખવામાં આવે છે. ત્યારબાદ આ જ રીતે ક્રમશ: 3,5,7,.. વડે ભાગ ચલાવવામાં આવે છે. આમ ભાગ ચલાવતા જેટલી અવિભાજ્ય સંખ્યા પ્રાપ્ત થાય છે તેનો ગુણાકાર એ આપેલી સંખ્યાનો લ.સા.અ. છે. ઉદાહરણ દ્વારા સમજીએ.

ઉદાહરણ : 14,27,36 નો લ.સા.અ. શોધો.

| | | | |
|---|---|---|---|
| 2 | 14 | 27 | 36 |
| 2 | 7 | 27 | 18 |
| 3 | 7 | 27 | 9 |
| 3 | 7 | 9 | 3 |
| 3 | 7 | 3 | 1 |
| 7 | 7 | 1 | 1 |
| | 1 | 1 | 1 |

તેથી લ.સા.અ. = 2x2x3x3x3x7 = 756

નોંધ : જો આપેલી સંખ્યાઓ પરસ્પર અવિભાજ્ય હોય, તો આપેલી બધી જ સંખ્યાઓનો ગુણાકાર એ તેનો લ.સા.અ. છે.

ઉદા. : 4,7 અને 15 નો લ.સા.અ. શોધો.

આપેલી સંખ્યાઓ 4,7 અને 15 પરસ્પર અવિભાજ્ય સંખ્યાઓ છે. અર્થાત્ ત્રણે સંખ્યાઓમાં 1 સિવાયનો કોઈ અવયવ સામાન્ય નથી. આથી ત્રણે સંખ્યાઓનો ગુણાકાર તેનો લ.સા.અ. છે.

તેથી 4,7 અને 15 નો લ.સા.અ. 4x7x15=420

હવે, કેટલાક ઉદાહરણ જોઈએ.

ઉદાહરણ ૧ : એવી નાનામાં નાની સંખ્યા શોધો કે જે 12,18,21 અને 28 વડે નિ:શેષ વિભાજ્ય હોય.

(A) 504 (B) 252 (C) 84 (D) 126


ઉકેલ : આપણે એવી સંખ્યા શોધવી છે જે 12,18,21 અને 28 વડે વિભાજ્ય હોય. આ ચારે સંખ્યાઓનો લ.સા.અ. એ એવી નાનામાં નાની સંખ્યા છે જેને આપેલી ચારેય સંખ્યા વડે નિ:શેષ ભાગી શકાય.

| | | | | |
|---|---|---|---|---|
| 2 | 12 | 18 | 21 | 28 |
| 2 | 6 | 9 | 21 | 14 |
| 3 | 3 | 9 | 21 | 7 |
| 3 | 1 | 3 | 7 | 7 |
| 7 | 1 | 1 | 7 | 7 |
| | 1 | 1 | 1 | 1 |

તેથી લ.સા.અ. 2x2x3x3x7
=252

Ans.(B)

# જળ, જંગલ અને પક્ષીએ માનવને સેહત બક્ષી







માર્ચ મહિનામાં હમણાં જ ઉપરાઉપરી ત્રણ મહત્વના દિવસની ઉજવણી જન જાગૃતિના ભાગ રૂપે કરવામાં આવી. જેમાં ૨૦ મી માર્ચ વિશ્વ ચકલી દિવસ, ૨૧ મી માર્ચ વિશ્વ વન દિવસ અને ૨૨ મી માર્ચ વિશ્વ જળ દિવસ તરીકે ઉજવવામાં આવ્યા. સમગ્ર માનવ જાતિના અસ્તિત્વ અને જીવન વિકાસમાં પર્યાવરણનું ખૂબ જ મહત્વ છે. અને એમાંય જળ, જંગલ અને પક્ષી આ ત્રણ પર્યાવરણના પાયાના ઘટકો છે. કુદરતે સર્જન કરેલ દરેક પશુ પક્ષીનું પર્યાવરણની સજીવ કડીમાં કંઈક મહત્વ રહેલું જ હોય છે. પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે દરેક પક્ષીઓ માનવ જાતિ માટે ઉપયોગી છે. પક્ષી જગતમાં કેટલીક જાતિઓ લુપ્ત થવાના આરે છે. એમાનું એક નાનકડું આપણા આંગણાનું પક્ષી એટલે ચી ચી કરતી ચકલી. આ ચકલી માટે એક કવિએ સુંદર લખ્યું છે. "તારો વૈભવ રંગ મહેલ ને ચાકર ધાડું, મારે આંગણ ચકલી એજ મારું રજવાડું." એક સમય એવો હતો કે જ્યારે સવાર થતા જ ચકલીઓનો મધુર કિલકિલાટ સાંભળવા મળતો હતો. ગોળાકાર માથા અને ઘેરા બદામી પટ્ટાવાળી પાંખોવાળું પક્ષી દરેકનું પ્રિય છે. પરંતુ અત્યારે કોન્ક્રીટના વધતા જતા જંગલ વચ્ચે અનેક કારણોસર આ પક્ષી પણ લુપ્ત થવાના આરે છે. એટલે દર વર્ષે ૨૦ માર્ચે સમગ્ર વિશ્વમાં વિશ્વ ચકલી દિવસ ઉજવવામાં આવે છે. જેનો મુખ્ય ઉદેશ લોકોમાં ચકલીના સંરક્ષણ અંગે જાગૃત કરવાનો છે. ચકલી માનવજાત માટે પણ લાભદાયી પક્ષી છે. તે ખોરાક અને પર્યાવરણીય સંતુલન જાળવવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે. બીજ, અનાજ અને લાર્વા ખાવાથી આ પક્ષી અસરકારક જંતુ નિયંત્રણ એજન્ટ સાબિત થાય છે. તે ખોરાકની શોધ કરતી વખતે છોડના ફૂલો પર પણ બેસે છે જેનાથી પરાગનયનમાં પરોક્ષ રીતે મદદ કરે છે. આવી જ રીતે આપણા જીવનમાં વિવિધ વૃક્ષોનું પણ ખુબ જ મહત્વ છે. એક યાદી મુજબ વિશ્વમાં દર મિનિટે ૨૫ હેક્ટર જેટલા કુદરતી વનોનો નાશ થઈ રહ્યો છે. જો આ જ ઝડપે વનોનો નાશ થવાનો ચાલુ રહેશે તો કદાચ એક દિવસ પૃથ્વી વન વિહોણી બની જશે. ભારતનાં સંદર્ભમાં જોઈએ તો વૈજ્ઞાનિકોના મતે ઓછામાં ઓછી ૩૩% જમીન વનવિસ્તાર ધરાવતી હોવી જોઈએ, તેની સામે આજે ફક્ત ૧૨% જમીન વનવિસ્તાર ધરાવે છે. આથી આપણે ફક્ત વનોને બચાવવાનાં જ નથી પરંતુ વનવિસ્તાર પણ વધારવાની જરૂર છે. એટલા માટે દર વર્ષે ૨૧ મી માર્ચ વિશ્વ વન દિવસ તરીકે ઉજવવામાં આવે છે. અને વાત કરીએ પાણીની તો..જળ એ જ જીવન છે. વિશ્વ જળ દિન દર વર્ષે ૨૨ માર્ચના દિવસે સમગ્ર વિશ્વમાં મનાવવામાં આવે છે. આ દિવસ ઉજવવા પાછળનો હેતુ લોકોને પાણી બચાવવા માટે પ્રેરણા આપવાનો, જળનું મહત્વ સમજાવવાનો તેમ જ જળને વેડફાતું અટકાવવાનો છે. વર્તમાન સમયમાં જળસમસ્યા દિનબદિન વિકટ સ્વરૂપ ધારણ કરી રહી છે, ત્યારે જળવ્યવસ્થાપન પણ યોગ્ય રીતે થાય તે મહત્વનું છે. જળસમસ્યાઓમાં અછત અથવા દુકાળ, પૂરને કારણે લીલો દુકાળ, પાણીની વહેંચણીમાં થતા વિવાદ, પાણીમાં અશુધ્ધિના કારણે થતા રોગો, વિનાશક ત્સુનામી, જમીનનું ધોવાણ જેવા પ્રશ્નો ઉકેલ માંગી રહ્યા છે. પ્રકૃતિના આ ત્રણેય ઘટકોનું મહત્વ સમજીને માનવ સંસ્કૃતિ માટે ઉપયોગી બનવા માટે આ ત્રણેય દિવસની ઉજવણી પાછળનું મહત્વ સમજીને એનું જતન કરવા આપણાથી થતાં તમામ પ્રયત્નો કરીએ એ જ અભ્યાર્થના.





મનન ચિંતન
ભરત બાવીશી

# શેઠ બે રૂપિયા વધારે આપો એવું ના કરગરો






યુગોથી ચાલી આવતી ખેત પધ્ધતિઓ જીવન નિર્વાહ પધ્ધતિ હતી. આપણા દાદા-દાદી કે જુની પેઢીના વડીલો પાસે વાત સાંભળીએ તો તેઓ કહેતા કે ચીજવસ્તુની જરૂરીયાત સામે વસ્તુઓની અદલા-બદલીઓ થતી હતી અને વ્યવહાર, વેપાર થતાં હતા. વર્તમાન સમયમાં જમીનોના ટુકડાઓ થતા ગયા અને સમય તેમજ માંગ બદલાતા ખેતીનું સ્વરૂપ બદલવુ પડે તેવી સ્થિતિ ઉભી થઈ છે. વર્તમાન સમયમાં ખેતી આધુનિક અને વ્યસાયલક્ષી બનાવવાની જરૂરીયાત ઉભી થઈ છે. અને તે દિશામાં આગળ વધવુ રહ્યું. સમય અને માનવીનું જીવન એક વહેતુ ઝરણુ છે. એને રોકી રાખવુ હવે પાલવે તેમ નથી. વહેવું અને વિકસવુંના મંત્ર સાથે આગળ વધવામાં આવે તો જ ઉન્નતિ, પ્રગતિ છે. ઘણી વખત ગામડા ગામમાં વેપારી કપાસ, ઘઉં જેવી જણસી ખરીદી કરવા આવે ત્યારે જે ભાવ કહે તેનાથી ૫ થી ૧૦ રૂપિયા ખેડૂત વધારે ભાવ માંગે એ તેનો અધિકાર છે. પણ ગમે એટલું કરગરે છતાં વેપારી એકાદ રૂપિયો ભાવ વધુ આપે આ સ્થિતિ આપણે જોઈ છે, અનુભવી છે. પોરબંદર જિલ્લાનાં બરખલા ગામના ખેડૂત દેવશીભાઈ જાડેજાને ૨૦૧૫માં પોતાની કાળી મહેનત અને કુદરતની મહેરબાનીથી ૫૦૦ મણ જેટલી મગફળી ઉત્પાદન થયું. વેપારીએ મણનો રૂા.૬૮૦ ભાવ કહ્યો. દેવશીભાઈએ રૂા.૬૮૫ કહ્યા. રૂા.૫ વધારી આપવા સવારથી સાંજ સુધી કાલાવાલા કર્યા પણ વધારી ન આપ્યા. સાંજે એગ્રોવાળા તરફથી રૂા.૪૦,૦૦૦નું દવાનું બિલ આવ્યું. બસ એજ દિવસે નક્કી કર્યું કે, ખેતીમાં ખર્ચ ઘટાડવો અને ઝેરમુક્ત ખેતી કરવી. દેવશીભાઈ જાડેજાના પુત્ર લખમણભઈનો ધો.૧૦ સુધી અભ્યાસ અને ૪૦ વિઘા જમીન ખેતી સાથે લગાવ એટલે ઝેરમુક્ત ખેતીની શરૂઆત કરી. ૨૦૧૫માં નિમ ખોળ, એરંડી ખોળ, છાણીયુ ખાતરનાં ઉપયોગ સાથે સુભાષ પાલેકરજીની પ્રાકૃતિક ખેતીના વિવિધ આયામો સાથે સાત દિવસની અમદાવાદ તાલીમ મેળવી. લખમણભાઈ વટથી કહે છે ભાવ માટે કરગરવા કરતા ઝેરમુક્ત ખેતીની શરૂઆત કરી અને વેલ્યુ એડીશનનાં માધ્યમથી ભાવો પણ સારા લેતો થયો છું. ચોમાસામાં મગફળીનું વાવેતર કરે છે અને તમામ મગફળીનું તેલ કાઢી વેંચાણ કરે છે. ચાલુ વર્ષે ૬૦૦ ડબ્બાનું વેંચાણ કરેલ છે. શિયાળામાં ઘઉં, ચણા, ધાણા, જીરૂ, રાય, સુવાદાણ જેવી રસોડાની મસાલાની ચીજવસ્તુઓનું થોડુ-થોડુ વાવેતર કરીને પોતાના ગ્રાહકોને ચીજવસ્તુ પુરી પાડે છે. ઉનાળામાં થોડું વાવેતર તલ, મગ, અડદ, ચોળીનું કરે છે. આજે લખમણભાઈ સાથે ૬૮૦ ગ્રાહકો જોડાયેલા છે. જે તેની વાર્ષિક જરૂરીયાતની ખરીદી કરે છે. લખમણભાઈ કહે છે, સોશ્યલ મીડિયા દ્વારા અગાઉથી જાહેરાત કરીને મગફળી પિલાણ કયારે થશે, તારીખ, વાર, સમય અને સ્થળ ગ્રાહકોએ ત્યાં આવવાની છૂટ એવી શુધ્ધતા સાથે વેંચાણ કરે છે. વર્તમાન સમય આધુનિક ખેતી અને વેલ્યુએડીશનનો છે. તેનો લાભ લેવો જોઈએ. સરકાર અને અધિકારીઓએ પણ ખેડૂતો પ્રત્યે હકારાત્મક અભિગમ રાખવો પડશે.

લખમણભાઈ જાડેજાનો સંપર્ક નં.૯૯૭૯૨ ૯૧૯૦૦



ઝાકળનું એક બિંદુ
હિરેન હિરપરા

**તિખારો**

માટીની ભિનાશ પકડી રાખે છે. બાકી જગતને તમારા સિધ્ધાંતો, નિષ્ઠા સાથે કંઈ લેવા-દેવા નથી. લોકોનું સાચું કે ખોટું કામ થાય તો તમે કૃષ્ણ અને મદદ ન થાય તો કર્ણ. આ છે દુનિયા.

Printed and Published by Vasantbhai Bavabhai Movliya on behalf of Director Sanjog India News Private Limited. Printed at Sanjog Press, Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi, near bypaas Amreli -365601 and published at Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi near bypass amreli. Editor Vasantbhai Bavabhai Movliya Resident Editor : N. B. Desai (Responsible for the selection of News Under PRB Act (c). phone : 02792-225225, RNI.No.:GUJ GUJ/2017/75270, Title code : GUJ GUJ 16801

સંજોગ ન્યૂઝ બીલોતરી

# અઠવાડિક ખેતી કાર્યો

ડો. જી.આર.ગોહિલ
જૂનાગઢ કૃષિ યુનિવર્સીટી, જૂનાગઢ
ફોનઃ ૯૨૭૫૭ ૦૮૩૪૨

**» મગફળી :**

**વાવેતર પછી જીવાત નિયંત્રણના પગલાઓ :**

♦ જીવાતનો ઉપદ્રવ ઓછો હોય ત્યારે ક્લોરપાયરીફોસ ૨૦ ઈ.સી. ૨૫ થી ૩૦ મિ.લિ. દવા પ્રતિ ૧૦ લિટર પાણીમાં મિશ્રણ કરી પંપની નોઝલ કાઢી મગફળીના મૂળ પાસે પડે અને જમીનમાં ઉતરે તે રીતે રેડવાથી નિયંત્રણ મેળવી શકાય છે.

♦ ઉભા પાકમાં આ જીવાતનો ઉપદ્રવ જોવા મળે તો ક્લોરપાયરીફોસ ૨૦ ઈ.સી. અથવા ક્વીનાલફોસ ૨૫ ઈ.સી. હેક્ટરે ૪ લિટર પ્રમાણે પિયત પાણી સાથે આપવાથી સારૂ નિયંત્રણ મળે છે. ચોમાસામાં મગફળીમાં પિયત ન આપવાનું હોય ત્યારે આ જીવાતના નિયંત્રણ કરવા માટે ક્લોરપાયરીફોસ ૪ લિટર દવા ૫ લિટર પાણીમાં ઓગાળી આ મિશ્રણને ૧૦૦ કિલો જીણી રેતીમાં ભેળવી ત્યારબાદ રેતી સુકવી, આ રેતી એક હેક્ટર વિસ્તારમાં છોડના થડ પાસે પુખવી. ત્યારબાદ જો વરસાદ ન હોય તો હળવું પિયત આપવુ.

**» ઉનાળુ બાજરીઃ**

♦ સાંઠાની માખી અને ગાભમારાની ઈયળ.

♦ પાકના ઉગાવા પછી ૩૦ દિવસે પ્રોફેનોફોસ + સાયપરમેથ્રીન મિશ્રણ કરી છંટકાવ કરવો.

(૧) બિયારણનો દર વધુ રાખી 'ડેડ હાર્ટ' વાળા છોડ દુર કરવા.

(૩) નિમાર્ક ૩૦ મિ.લિ./૧૦ લિ. પાણીમાં બાજરીના ઉગાવા બાદ ૧૦, ૨૦ તથા ૩૦ દિવસે છંટકાવ કરવો.

**તલના પાકમાં પાક્સંરક્ષણ**

| ક્રમ | જીવાતનું નામ | નિયંત્રણ |
|---|---|---|
| ૧ | પાન વાળનારી / બૈઢા ખાનારી ઈયળ | પ્રકાશ પીંજરનો ઉપયોગ કરવો. |
| ૨ | ગાંઠીયા માખી | ફોસ્ફામીડોન ૫ મિ.લિ. અથવા મીથાઈલ - ઓ- ડીમેટોન ૧૦ મિ.લિ. અથવા પ્રોફેનોફોસ ૨૦ મિ.લિ. દવા ૧૦ લિટર પાણીમાં ભેળવી છંટકાવ કરવો. |
| ૩ | પાન કથીરી | ડાયકોફોલ ૧૬ મિ.લિ. અથવા દ્રાવ્ય ગંધક ૧૭ ગ્રામ દવા ૧૦ લિટર પાણીમાં ભેળવી છાંટવાથી નિયંત્રણ સારૂ મળે છે. |
| ૪ | ભુતીયુ ફુદુ | ઉપદ્રવ ઓછો હોય તો ઈયળ હાથથી વીણી લેવી. ખેતરમાં પ્રકાશ પિંજર ગોઠવવું. મિથાઈલ પેરાથીઓન ૨ % ભુકી હેક્ટરે ૨૦ કિ.ગ્રા. પ્રમાણે છાંટવી. |
| ૫ | ઉભડામાં લાગતા કાળા ભુરા ચુસીયા | તલના ઉભડા ફરતે મિથાઈલ પેરાથીઓન ૨ % ભુકીનો છંટકાવ કરવો. ઉભડા ઉપર કોઈ પણ સંજોગોમાં દવા છાંટવી નહિ. સંગ્રહ સ્થળે ઉપદ્રવ જણાય તો ૫૦૦ કિ.ગ્રા. તલ દીઠ એલ્યુમિનિયમ ફોસ્ફાઈડનું ૫ ગ્રામનું એક પાઉંચ પ્રમાણે ફયુમીગેશન કરવું. |

(૪) નીમ ઓઈલ : લીંબોળીનું તેલ ૦.૦૫ % અને સાબુ ૪ ગ્રામ/લિ. પાણી સાથે બાજરીના ઉગાવા બાદ ૧૦ તથા ૨૦ દિવસે છંટકાવ કરવો.

**» મકાઈઃ**

♦ સ્વીટ કોર્ન મકાઈ માટે માધુરી, અમેરિકન મકાઈ અથવા વિનઓરેન્જનું વાવેતર કરવું. અને રાસાયણિક ખાતર ૧૨૦-૬૦-૦ ના.-ફો.-પો. કિ.ગ્રા./હે. પ્રમાણે આપવું.

**» તલઃ** ગુચ્છપર્ણનો રોગ ઉનાળું તલમાં જોવા મળે છે. રોગની અસરવાળા પાનની કીનારી નીચેની બાજુ ઢળી જઈ કોકડાઈ જાય છે. જેથી તેને પાનનો કોકડવા પણ કહે છે. ફુલ બેસવા સમયે ફુલનું પાનમાં રૂપાંતર થઈ જવાના કારણે પાનનો વિકૃત ગુચ્છ બને છે. જેથી બૈઢા બેસતા નથી. આ રોગ તડતડીયા નામની જીવાતથી ફેલાતો હોય છે. તડતડીયા નિયંત્રણ માટે ફોસ્ફામીડોન ૩ મિ.લિ. અથવા ડાયમીથોએટ ૧૦ મિ.લિ. દવા ૧૦ લિટરમાં પાણીમાં નાખી છંટકાવ કરવો. રોગીષ્ટ છોડને ઉપાડી નાશ કરવો.

**» ડાંગરઃ** ઉનાળુ ડાંગરની રોપણી કરવા માટે પુષ્ઠ પિયત પદ્ધતિનો ઉપયોગ કરવો.

**» શેરડીઃ** શેરડીની રોપણી પછી ત્રીજા મહિને હલકા દળના પાળા ચઢાવવા અને પાંચમાં મહિને ભારે દળના પાળા ચઢાવવા અને છેવટના પાળા ચઢાવવા અને પાંચમાં મહિને ભારે દળના પાળા ચઢાવવા અને છેવટના પાળા ચઢાવતા પહેલા રસાયણિક ખાતરનો જથ્થો પૂરો કરવો.

♦ શેરડીના ડુંખવેધક, ટોચવેધક, ભીંગડાવાળી જીવાત, ચીટકો તથા સફેદ માખીના સંયુક્ત નિયંત્રણ માટે રોપણી વખતે શોષક પ્રકારની દાણાદાર દવા કાર્બોફ્યુરાન ૩ જી. ૫૦ કિલોગ્રામ મુજબ પ્રતિ હેક્ટરે જમીનમાં ચાસમાં આપવી.

**» ચોળીઃ**

**» શાકભાજીઃ**

♦ લસણમાં થ્રીપ્સનાં નિયંત્રણ માટે ડાયમીથોયેટ ૩૦% ઈ.સી. અથવા મિથાઈલ-ઓ-ડીમેટોન ૨૫% ઈ.સી. પૈકી કોઈપણ એક દવાનો છંટકાવ કરવો.

♦ જી.ટી.-૭ ટમેટાની જાતનું વાવેતર કરવું.

♦ મરચી અને ટામેટામાં કોકડવાનાં નિયંત્રણ માટે કાર્બોફ્યુરાન ૩ જી દવા ૫ ગ્રામ / છોડ રીંગ પદ્ધતિથી આપવી. અને રોગની શરૂઆત થાય ત્યારે ટ્રાયઝોફોસ ૪૦ ઈસી ૨૦ મિ.લિ. અથવા ઈમીડાક્લોપ્રીડ ૧૭.૮ એસએલ ૩ મિ.લિ. ૧૦ લિટર પાણીમાં ભેળવી છંટકાવ કરવો.

**» બાગાયતી પાકો**

**» બોરઃ** પાક પૂરો થયા બાદ બોરના પાકને પિયત બંધ કરી આરામ આપવો. પિયત પાક માટે કરકસરપૂર્વક ૧૫ થી ૨૦ દિવસે પિયત આપવું.

**» લીંબુઃ** જરૂરીયાત મુજબ ૫ થી ૬ દિવસે થડને પાણી ન લાગે તે રીતે પિયત આપતા રહેવું.

**» આંબોઃ** દક્ષિણ ગુજરાતના આંબાના બગીચા ધરાવતા ખેડૂતોને મધીયાના અસરકારક નિયંત્રણ માટે મોર આવવાના સમયે લેકાનીસીલીયમ (વટીસીલીયમ) લેકાની ૧.૧૫ વે.પા. ૫૦ ગ્રામ/૧૦ લિટર (૧૧૦૮ સી.એફ.યુ./ગ્રામ) અથવા બ્યુવેરીયા બેસીયાનાનો છંટકાવ કરવો અને ત્યાર બાદ બે વખત સાત દિવસના અંતરે અને ચોથો છંટકાવ વટાણા અવસ્થાએ તેમજ પાંચમો છંટકાવ લખોટા અવસ્થાએ કરવો.

**» કેળઃ** જોડિયાહાર પદ્ધતિથી(૧.૨ ૨ ૧.૨ ૨ ૨.૪ મી.) કેળાની ખેતી કરતા ખેડૂતોને ભલામણ કરવામાં આવે છે કે કેળના પાકમાં નાઈટ્રોજન અને પોટાશ બંને ૧૫૦ ગ્રામ પ્રતિ છોડ (યુરીયા ૩૨૫ ગ્રામ અને મ્યુરેટ ઓફ પોટાશ ૨૫૦ ગ્રામ પ્રતિ છોડ) ટપક સિંચાઈ પદ્ધતિ મારફતે ૩૦ હપ્તામાં ૭ દિવસના અંતરે તેમજ રોપણી સમયે ૫ કિ.ગ્રા./છોડ છાણીયું ખાતર અને ૯૦ ગ્રામ ફોસ્ફરસ (૫૬૦ ગ્રામ સિંગલ સુપર ફોસ્ફેટ) એક સરખા ત્રણ હપ્તામાં રોપણી બાદ ત્રીજા, ચોથા અને પાંચમાં મહિને આપવાથી વધુ ઉત્પાદન અને આવક મળે છે.

♦ કેળની લુમને ઢાંકવા માટે સુકા પાનનો ઉપયોગ કરવો અથવા કંતાનથી લુમને ઢાંકવી.

**» દાડમઃ** પાણીની અનિયમિતતાના કારણે ફળ ફાટી જતાં હોય છે. જેમાં નિયમિત ૭ થી ૮ દિવસે પાણી આપવું.

**» પપૈયાઃ** થડ ઉપર એક મીટર ઊંચાઈ સુધી બોર્ડોપેસ્ટ લગાડવી.

**» કુંવારપાઠુઃ** કુંવારપાઠા માટે ગુજરાત આણંદ કુંવારપાઠુ -૧ નું વાવેતર કરવું.

**» પશુપાલનઃ** જે વિસ્તારમાં બ્રુસેલોસીસ રોગ જોવા મળતો હોય તેમાં ૪-૬ માસની પાડી / વાછરડીમાં રસી મુકાવવી જોઈએ. જે જીવનમાં ફક્ત એક જ વાર આપવાની હોય છે.

♦ ૪-૬ માસના બચ્ચાઓને ધીરે – ધીરે અન્ય ખોરાક તરફ વાળી દૂધનું પ્રમાણ ઓછું કરવું.

♦ ત્રણ માસથી વધુ ગર્ભકાળવાળી માદાઓમાં યોનિભ્રંશ થતો હોય તો દર ૧૫ - ૩૦ દિવસના અંતરે ઠંડકના ઈન્જેક્શન આપવાની શરૂઆત કરવી જે વિયાણના એક માસ બાકી હોય ત્યારે બંધ કરવા.

## ગુણવત્તાસભર બીજની અગત્યતા અને ઉત્પાદનના ધારાધોરણો

કૃષિ પાકોનું નિર્ધારિત ઉત્પાદન વધારવા માટે નવી જાતોનું સંશોધન, તેનું પૂરતા જથ્થામાં વિશ્વાસપાત્ર શુધ્ધ બિયારણનું ઉત્પાદન અને અસરકારક વિતરણ વ્યવસ્થા એ ભવિષ્યની જરૂરિયાત છે. રાષ્ટ્રની ૨૦૦૨ની 'સીડ પોલિસી' મુજબ હવે પછી કૃષિ ઉત્પાદન વધારવા માટે બીજનો બદલાવ (રીપ્લેસમેન્ટ) દર વધારવાની દિશામાં સૂચક પગલાં ભરવાની જરૂર છે, સાથે સાથે બીજ ઉત્પાદનના વૃધ્ધિદરમાં વધારો કરવો અત્યંત જરૂરી છે. કૃષિ ઉત્પાદન વધારવા અને નિર્ધારિત ઉત્પાદન મેળવવા માટે સુધારેલ જાતોની સાથે સાથે ઉચ્ચ ગુણવત્તાવાળા શુધ્ધ બિયારણની સમયસર ઉપલબ્ધિ એ અગત્યનું પરિબળ છે. પ્લાન્ટ બ્રીડર દ્વારા નવી જાત વિકસાવતી વખતે ખાસ ધ્યાનમાં રાખવાના મુદ્દા એ છે કે સુધારેલ જાત / હાઈબ્રીડસ પ્રવર્તમાન જાતો હાઈબ્રીડસ કરતાં ઉત્પાદન ઉપરાંત અગત્યના લક્ષણોમાં ચઢિયાતી હોવી જોઈએ, તદ્ઉપરાંત તેની ઉત્પાદન આપવાની ક્ષમતા વર્ષોવર્ષ જળવાઈ રહેવી જોઈએ. સુધારેલ જાતોના અગત્યના લક્ષણો નીચે દર્શાવ્યા મુજબ હોવા જરૂરી છે.

♦ સુધારેલ જાતની ઉત્પાદન ક્ષમતા પ્રવર્તમાન જાત કરતાં વધુ હોવી જરૂરી છે.

♦ સુધારેલ જાતની વધુ ઉત્પાદન આપવાની ક્ષમતા સતત જળવાઇ રહેવી જોઇએ.

♦ સુધારેલ જાતનો વૃધ્ધિ અને દેખાવ એકસરખો હોવો જરૂરી છે.

♦ સુધારેલ વાવેતર હેઠળની અન્ય સ્થાનિક જાતો કરતાં સરળ રીતે અલગ પડવી જોઇએ.

♦ સુધારેલ જાત ઉત્પાદન વધારવાના ઘટકો જેવા કે જૈવિક ખાતર, સેન્દ્રીય ખાતર, રાસાયણિક ખાતર, પાક સંરક્ષણના પગલાં, પિયત વિગેરેનો અર્થક્ષમ પ્રતિભાવ આપતી હોવી જરૂરી છે.

♦ સુધારેલ જાત વિષમ વાતાવરણીય પરિબળો જેવા કે પાણીની ખેંચ, વધુ પડતો વરસાદ, કમોસમી વરસાદ, પાણીનો ભરાવો, વરસાદ સાથેનું વાવાઝોડું, વધુ પડતી ગરમી અથવા ઠંડી, હિમની પરિસ્થિતિનો પ્રતિકાર કરી ઉત્પાદન આપવાની ક્ષમતા જાળવી રાખે તેવી હોવી જોઈએ.

♦ સુધારેલ જાતના દાણાની ગુણવત્તા વધારે બજાર ભાવ આપે તેવી તેમજ વપરાશકારોની જરૂરિયાત મુજબની હોવી જોઇએ.

# ડાળી માખીઃ એક મહત્વપૂર્ણ પરાગનયનકર્તા





**ઓળખઃ** ડાળી માખી વૈજ્ઞાનિક ભાષામાં એપિસ ફ્લોરિયા તરીકે ઓળખાય છે. તે મધમાખીની અન્ય પ્રજાતિઓની સરખામણીમાં નાના કદની હોવાથી તેને નાની માખી તરીકે પણ ઓળખવામાં આવે છે. તેમનો રંગ સામાન્ય રીતે રતાશ પડતો બદામી હોય છે, જે તેમને અન્ય મધમાખીઓથી અલગ પાડે છે. મધમાખીઓની અન્ય પ્રજાતિઓ ઝાડની બખોલ અથવા માનવ-નિર્મિત પેટીમાં તેમના મધપૂડાઓનું નિર્માણ કરે છે. જ્યારે ડાળી માખી ખુલ્લા સ્થળોએ, ઝાડીઓમાં, વૃક્ષોની ડાળીઓ પર અથવા દિવાલો પર એક નાનો મધપૂડો બનાવે છે. ડાળી માખી તેનો મધપૂડો આંબા, જામફળ, આસોપાલવ, જાંબુ, જાસૂદ, વાંસ, નાળિયેરી વગેરે જેવા ઝાડની ડાળીઓ પર બનાવે છે.

**જીવનચક્રઃ**

ડાળી માખીના મધપૂડામાં ત્રણ જાતની મધમાખીઓ જોવા મળે છે, જેમાં એકમાત્ર રાણી માખી, ૧૦૦-૨૦૦ વંધ્ય નર માખીઓ અને ૧૦૦૦-૨૦૦૦ કામદાર માદા માખીઓ. રાણી માખી મધપૂડાના દરેક કોષમાં એક ચોખાનાં દાણા જેવુ ઈંડું મૂકે છે. તે ઈંડામાંથી ૨-૩ દિવસમાં ઈયળો નીકળે છે. એક અઠવાડિયા સુધી મધ, પરાગ અને રોયલ જેલી ખાધા બાદ ઈયળો કોશેટામાં પરિવર્તે છે. એક અઠવાડિયા બાદ તેમાંથી માખીઓ નીકળે છે. આમ ૩ અઠવાડિયા જેટલા સમયમાં આ મધમાખીનું જીવનચક્ર પૂર્ણ થાય છે. રાણી માખીનું કદ સૌથી મોટું હોય છે, જ્યારે કામદાર માખીઓનું કદ સૌથી નાનું હોય છે જે રતાશ પડતાં બદામી રંગની હોય છે.

**ઉપયોગિતાઃ**

કામદાર માખીઓ ફૂલોનો રસ અને પરાગ એકત્રિત કરવા માટે વિવિધ પ્રકારના ફૂલોની મુલાકાત લે છે. આ વર્તણૂક તેને મૂલ્યવાન પરાગનયનકર્તા બનાવે છે. તે આંબા, કાજુ, નાળિયેરી, પપૈયાં, જામફળ, કેળાં, દાડમ, લીંબુ, દ્રાક્ષ, ચીકુ, ભીંડા, રીંગણ, ટામેટાં, મરચાં, કાકડી, ચોળી, તુવેર, સરગવો, ડુંગળી, ધાણા, ચણા, મેથી, વરિયાળી, રાઈ, આમળા, સૂરજમુખી, દૂધી, તરબૂચ, સક્કરટેટી, મગ વગેરે પાકોમાં પરાગનયન કરે છે. તે ઓછી માત્રામાં મધનું ઉત્પાદન કરે છે, પરંતુ તેનું વાસ્તવિક મૂલ્ય પરાગનયનકર્તા તરીકેની ભૂમિકામાં રહેલું છે.



**સંરક્ષણઃ**

મધમાખીની અન્ય પ્રજાતિઓની જેમ, ડાળી માખીને પણ જંતુનાશકોના ઉપયોગ અને આબોહવા પરિવર્તનના જોખમોનો સામનો કરવો પડે છે. તેમનો ખુલ્લો મધપૂડો પક્ષીઓ, કીડીઓ અને મનુષ્યો જેવા શિકારીઓથી સંવેદનશીલ હોય છે, જે મધની શોધમાં મધમાખીઓને ખલેલ પહોંચાડી શકે છે અથવા તેનો નાશ કરી શકે છે. ડાળી માખીના સંરક્ષણ માટેના પ્રયત્નો તેમના કુદરતી નિવાસસ્થાનોને સુરક્ષિત કરવા અને જંતુનાશકોના ઉપયોગને ઘટાડતી ટકાઉ કૃષિ પદ્ધતિઓને પ્રોત્સાહન આપવા પર ધ્યાન કેન્દ્રિત કરે છે. પાકોમાં ફૂલ અવસ્થા દરમિયાન જંતુનાશક દવાનો ઉપયોગ ટાળવો એ પણ એક માવજત છે કે જેનાથી ડાળી માખીનો નાશ અટકાવી શકાય.

વી.એમ. ખીમાણી અને ડો. એસ.આર. પટેલ
કીટકશાસ્ત્ર વિભાગ,
ન.મ. કૃષિ મહાવિદ્યાલય,
નવસારી કૃષિ યુનિવર્સીટી, નવસારી

★ ખેડૂતભાઈઓ માટે ★
જીપ્સમ
દહેજ તથા વડોદરાનું
મટીરીયલ્સ
લૂઝ ટ્રક લોડીંગ સપ્લાય ચાલુ :
● એક (૧) પ્રતિ ટન જીપ્સમ ભાવ
● એક (૧) પ્રતિ ટન ટ્રાન્સપોર્ટભાડા
તે મુજબ હોમ ડીલીવરી લોડીંગ
૨૫થી ૪૦ ટન સુધી
ઓર્ડર તથા જાણકારી માટે સંપર્ક સુત્ર :
મો. ૯૪૨૬૯ ૮૯૫૭૬ પી.બી. ઘાટલીયા
મુ.લાઠી, તા.લાઠી, જી.અમરેલી

# મગફળીના પાકમાં નુકસાન કરતી જીવાતોની ઓળખ અને તેનું વ્યવસ્થાપન

ડૉ. એમ.કે. કાનાણી, ડૉ. વી.સી. ગઢીયા, ડૉ. પી.જે. ડાવરીયા અને ડૉ. વી.ડી. બાબરીયા, જૂનાગઢ કૃષિ યુનિવર્સિટી

**■ લીલી ઈયળ**

મગફળીનાં ઉપદ્રવિત પાન તપાસતા નસની બંને બાજુએ સરખા અંતરે અને એક સરખા કાણાં જોવા મળે. વધુ ઉપદ્રવ વખતે કુમળા પાન અને નાની ડૂંખો ખવાઇ જાય અને છોડ ઝાંખરા જેવો દેખાય તેમજ છોડનો વિકાસ અટકી જાય ત્યારે સમજવું કે આ પાકમાં લીલી ઈયળનો ઉપદ્રવ છે. આવી ઈયળો રંગે લીલી અને તેનાં ઉપર રાખોડી રંગની લીટીઓ જણાશે. આવી ઈયળોને પાછળના ભાગે સહેજ દબાવતા સાપની માફક ડંખ મારવા પાછળ ફરે છે. આવા નુકસાન પામેલા છોડ ઉપર નવી કૂંપળો ફૂટતી નથી. ચોમાસુ મગફળીમાં આ જીવાતનો ઉપદ્રવ સપ્ટેમ્બર માસમાં અને ઉનાળુ મગફળીમાં એપ્રિલ માસનાં અંતમાં શરૂ થાય છે અને પાકની કાપણી સુધી રહે છે.

**■ સંકલિત વ્યવસ્થાપન**

હેકટરદીઠ ૫-૬ ફેરોમોન ટ્રેપ ગોઠવી તેમાં પકડાતા નર ફુદાંનો નાશ કરવો. ઉપદ્રવની શરૂઆત થતા જ લીમડાની લીંબોળીની મીંજનો ભૂકો ૫૦૦ ગ્રામ (૫% અર્ક) અથવા લીમડા આધારિત તૈયાર દવા ૨૦ મિ.લિ. (૧ ઈસી) થી ૪૦ મિ.લિ. (૦.૧૫ ઈસી) અથવા બ્યુવેરિયા બાસિયાના નામની ફૂગનો પાવડર ૪૦-૫૦ ગ્રામ અથવા બેસીલસ થુરીન્જીન્સીસ નામના જીવાણુંનો પાવડર ૧૦ ગ્રામ અથવા આ જીવાતનું ન્યુકલિયર પોલીહેડ્રોસીસ વાયરસ ૨૫૦ એલઈ ૧૦ મિ.લિ. ૧૦ લિટર પાણીમાં ભેળવી છંટકાવ કરવો. રાસાયણિક દવાઓ જેવી કે ફલુબેન્ડાએમાઈડ ૪૮૦ એસસી અથવા ક્લોરએન્ટ્રાનીલીપ્રોલ ૧૮.૫ એસસી ૩ મિ.લિ.અથવા મેથોક્સીફેનોઝાઈડ ૨૫ એસસી ૧૭.૫ મિ.લિ. ૧૦ લિટર પાણીમાં ભેળવી છંટકાવ કરવો.

**■ મગફળીના પાન ખાનાર ઈયળ (સ્પોડોપ્ટેરા):**

મગફળીનાં પાનનો લીલો ભાગ ખવાયેલો જણાય, કૂમળા પાન ઈયળથી નુકસાન થયેલ જોવા મળે અને ક્યારેક પાનની નસો સિવાયનો પાનનો ભાગ ખવાઈ જવાથી ઝાંખરા જેવો દેખાય તો આ નુકસાન પાન ખાનાર ઈયળનું છે એમ સમજવું. કેટલીક વાર છોડની ફકત નસો જ જોવા મળે છે. આ ઈયળો બપોરનાં સમયમાં છોડના થડની આજુ-બાજુની જમીનની તીરાડમાં ભરાઈ રહે છે જેથી દિવસે દેખાતી નથી. રાત્રિ દરમ્યાન ખોરાક માટે ઈયળો બહાર આવે છે. મગફળીમાં સૂયા તેમજ ડોડવા બેઠેલા હોય તે વખતે આ જીવાતનો ઉપદ્રવ વધુ હોય તો ઈયળો સૂયાને અને ડોડવામાં રહેલા દાણાને ખાઈને પણ નુકસાન કરે છે.

**■ સંકલિત વ્યવસ્થાપન**

સામૂહિક ધોરણે ફેરોમોન ટ્રેપ ગોઠવી આજીવન તેની વસ્તી કાબૂમાં રાખી શકાય. ઉપદ્રવની શરૂઆતમાં લીમડાની લીંબોળીની મીંજનો ભૂકો ૫૦૦ ગ્રામ (૫% અર્ક) અથવા લીમડા આધારિત તૈયાર દવા ૨૦ મિ.લિ. (૧ ઈસી)થી ૪૦ મિ.લિ.(૦.૧૫ ઈસી) અથવા બ્યુવેરિયા બાસિયાના નામની ફૂગનો પાવડર ૪૦-૫૦ ગ્રામ અથવા બેસીલસથુરીન્જીન્સીસ નામના જીવાણુંનો પાવડર ૧૦ ગ્રામ અથવા આ જીવાતનું ન્યુકલિયર પોલીહેડ્રોસીસ વાયરસ ૨૫૦ એલઈ ૧૦ મિ.લિ. ૧૦ લિટર પાણીમાં ભેળવી છંટકાવ કરવો. ઉપદ્રવ વધુ જણાય ત્યારે ક્લોરપાયરીફોસ ૨૦ ઈસી ૨૦ મિ.લિ. અથવા ક્લોરએન્ટ્રાનીલીપ્રોલ ૧૮.૫ એસસી ૩ મિ.લિ.અથવા નોવાલુરોન ૫.૨૫ + ઈન્ડોક્સાકાર્બ ૪.૫૦ એસસી ૧૭.૫ મિ.લિ. ૧૦ લિટર પાણીમાં ભેળવી છંટકાવ કરવો. જરૂર જણાય તો ૧૦ થી ૧૨ દિવસ પછી ઉપર જણાવેલ કોઈપણ એક દવાનો બીજો છંટકાવ કરવો. જંતુનાશક પ્રવાહી નિયંત્રણમાં ૩૦-૪૦ ગ્રામ ગોળ ઉમેરવાથી દવાની અસરકારકતા વધે છે.

**■ ઉધઈ**

મગફળીના છોડ એકાએક સૂકાવા માંડે અને છોડ ઉખાડતા સહેલાઈથી ખેંચાઈ/ ઉખડી આવે અને તેના મૂળ પર સફેદ રંગની અને ભુખરા માથાવાળી જીવાત જોવા મળે કે માટી ચોંટેલી જણાય તો ઉધઈનો ઉપદ્રવ છે તેમ કહી શકાય. વળી ખેતરમાં છોડ એકલ-દોકલ અને ક્યારેક ટાપામાં છોડ સૂકાવા માંડે. ઉધઈ ખાસ કરીને રેતાળ, ગોરાડું, કે હલકા પ્રકારની જમીનમાં વધુ જોવા મળે છે. ઉપરાંત ખરીફ અને ઉનાળુ પાકમાં જોવા મળે છે. વરસાદ ખેંચાય કે બે પિયત વચ્ચેનો સમયગાળો વધી જાય તો પણ આ જીવાતનો ઉપદ્રવ વધવા પામે છે. ઉપરાંત જેમાં આગલાં પાકના જડીયા અને કચરો ખેતરમાં રહી ગયો હોય કે છાણીયા ખાતરમાં રાડા કચરાનું પ્રમાણ વધારે હોય ત્યારે આવી જીવાતનો ઉપદ્રવ વધારે જોવા મળે છે.

**■ સંકલિત વ્યવસ્થાપન**

પાકની કાપણી બાદ પાકના જડીયા વીણી સમયસર નિકાલ કરવો. દિવેલી, લીંબોળી, કરંજ વગેરેનો ખોળ જમીનમાં આપવાથી ઉપદ્રવ ઘટાડી શકાય. જમીન પરના રાફડા ખોદી તેમાંથી રાણી શોધી નાશ કરવો. રાણી ન મળે તો રાફડામાં કાણાં પાડી ક્લોરપાયરીફોસ ૨૦ ઈસી ૩૦ મિ.લિ. અથવા ઈમીડાકલોપ્રીડ ૧૭.૮ એસએલ ૧૦ મિ.લિ. ૧૦ લિટર પાણીમાં ભેળવી આ પ્રવાહી મિશ્રણ તેમાં રેડવું જેથી રાણીનો નાશ કરી શકાય.

# યુપીના અમરોહાની એક મસ્જિદની અંદર શિયા અને સુન્ની મુસ્લિમો વચ્ચે ભીષણ લડાઈ

અમરોહા,તા.૨૩

યુપીના અમરોહાથી એક ચોંકાવનારો કિસ્સો સામે આવ્યો છે. રમઝાનના ત્રીજા શુક્રવારે નમાજને લઈને સૈંદગલીની જામા મસ્જિદમાં શિયા અને સુન્ની પક્ષો એકબીજા સાથે અથડાયા હતા, જેનો વીડિયો વાયરલ થઈ રહ્યો છે. એક બાજુના એક વડીલે શિયા સમુદાય પર હત્યાના ઈરાદાથી મસ્જિદમાં તેમના પર હુમલો કરવાનો આરોપ લગાવ્યો છે અને



કહ્યું છે કે તેઓ જિલ્લા મેજિસ્ટ્રેટને ફરિયાદ કરશે. અમરોહા જિલ્લામાં રમઝાન દરમિયાન એક મસ્જિદની અંદર અને બહાર શિયા અને સુન્ની વચ્ચે થયેલી અથડામણનો એક વીડિયો ફરી એકવાર સામે આવ્યો છે. આ વીડિયો અમરોહા જિલ્લાના સૈંદગલીની જામા મસ્જિદનો છે. ચાર દિવસ પહેલા, આ જ મસ્જિદમાં નમાઝીઓ વચ્ચે થયેલી ભીષણ લડાઈનો વીડિયો વાયરલ થયો હતો. રમઝાનના ત્રીજા શુક્રવારે અમરોહા જિલ્લાના સૈંદગલી શહેરમાં આવેલી જામા મસ્જિદમાં નમાજ દરમિયાન અથડામણ થયા બાદ ધક્કામુક્કી થઈ હતી, જેનો વીડિયો વાયરલ થઈ રહ્યો છે. જેમાં લોકો વચ્ચે ધક્કામુક્કી જોવા મળી રહી છે અને કેટલાક લોકો પોલીસને બોલાવવાની વાત પણ કરી રહ્યા છે.

# લોકો જાતિવાદી નથી પરંતુ નેતાઓ પોતાના સ્વાર્થ માટે જાતિવાદી છે : નીતીન ગડકરી

(એચ.એસ.એલ),નાગપુર,તા.૨૩

કેન્દ્રીય મંત્રી અને ભાજપના વરિષ્ઠ નેતા નીતિન ગડકરીએ ફરી એકવાર કડક નિવેદન આપ્યું છે. તેમણે શનિવારે કહ્યું કે લોકો જાતિવાદી નથી, પરંતુ નેતાઓ પોતાના સ્વાર્થ માટે જાતિવાદી છે. અહીં એક કાર્યક્રમમાં બોલતા તેમણે એમ પણ કહ્યું કે પછાતપણું રાજકીય હિત બની રહ્યું છે. ગડકરીએ કહ્યું, 'કોણ વધુ પછાત છે તે અંગે સ્પર્ધા છે.' તેમણે કહ્યું, 'લોકો જાતિવાદી નથી, પરંતુ નેતાઓ પોતાના સ્વાર્થ માટે જાતિવાદી છે.' તેમણે કહ્યું કે સામાજિક અસમાનતા દૂર કરવાની જરૂર છે. તેમણે કહ્યું કે જાતિ ભેદભાવનો અંત આવવો જોઈએ અને આ પ્રક્રિયા પોતાની અંદરથી શરૂ થવી જોઈએ. અગાઉ, ગડકરીએ જાતિ ભેદભાવ પર મહત્વપૂર્ણ ટિપ્પણી કરી હતી. તેમણે કહ્યું હતું કે હું જાતિના આધારે ભેદભાવ કરતો નથી. મને ફરીથી મત મળે કે ન મળે. લોકો જાતિના આધારે મને મળવા



આવે છે. મેં તે બધા ૫૦,૦૦૦ લોકોને કહ્યું કે જે કોઈ જાતિ વિશે વાત કરશે, હું તેને જોરથી લાત મારીશ. હું જાહેરમાં ધર્મ અને જાતિ વિશે વાત કરતો નથી. હું ચૂંટણી હારી જાઉં કે મંત્રી પદ ગુમાવી દઉં, હું આ સિદ્ધાંત પર અડગ રહીશ. વધુમાં ગડકરીએ જણાવ્યું હતું કે, તેમણે કહ્યું કે વ્યક્તિનું મૂલ્ય જાતિ, ધર્મ, ભાષા કે લિંગ દ્વારા નહીં પણ તેના ગુણો દ્વારા નક્કી થવું જોઈએ. વ્યક્તિ તેની જાતિ, સંપ્રદાય, ધર્મ, ભાષા કે લિંગથી નહીં, પરંતુ તેના ગુણોથી ઓળખાય છે. તેથી અમે જાતિ, સંપ્રદાય, ધર્મ, ભાષા કે લિંગના આધારે કોઈની સાથે ભેદભાવ કરીશું નહીં.

# યુપીમાં ૮૫ વર્ષીય ઢગાનું પાંચ વર્ષની માસુમ બાળા પર દુષ્કર્મ

બુલંદશહેર,તા.૨૩

યુપીના બુલંદશહેરથી એક ચોંકાવનારો કિસ્સો સામે આવ્યો છે. અહીં એક ૮૫ વર્ષના વૃદ્ધે ૫ વર્ષની માસૂમ બાળકી પર બળાત્કાર ગુજાર્યો છે. આ છોકરી દલિત સમુદાયમાંથી આવે છે. છોકરી છત પર રમી રહી હતી ત્યારે વૃદ્ધે આ ઘટનાને અંજામ આપ્યો હતો. માહિતી મળ્યા બાદ પોલીસ ઘટનાસ્થળે પહોંચી અને બાળકીને મેડિકલ તપાસ માટે મોકલી આપવામાં આવી હતી. પોલીસે આરોપી વૃદ્ધની ધરપકડ કરી છે. ઉત્તર પ્રદેશના બુલંદશહેરમાં ૮૫ વર્ષના એક વૃદ્ધે ૫ વર્ષની બાળકી પર બળાત્કાર ગુજાર્યો છે. માહિતી મળતાની સાથે જ પરિવારના સભ્યોએ વૃદ્ધ વ્યક્તિ વિરુદ્ધ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી. પોલીસ આ કેસની તપાસ કરી રહી છે. શનિવારે મોડી સાંજે, બુલંદશહેરના નેવલ પોલીસ સ્ટેશન વિસ્તારમાં, એક ૮૫ વર્ષીય વ્યક્તિએ ઘરની બહાર રમી રહેલી ૫ વર્ષની બાળકીને લલચાવી અને પોતાની સાથે લઈ ગયો હતો.

# બેંગલોર ગ્રામીણમાં ઉત્સવ દરમિયાન ૧૦૦ ફૂટ ઉંચો રથ ભીડ પર પડ્યો : એકનું મોત, અનેક ઘાયલ

બેંગલોર તા.૨૩

બેંગલોર ગ્રામીણમાં ઉત્સવ દરમિયાન ૧૦૦ ફૂટ ઊંચો રથ તૂટી પડતાં બે લોકો ઘાયલ થયા. ગ્રામીણ એસપીએ હોસ્પિટલમાં સારવાર દરમિયાન એક વ્યક્તિના મૃત્યુની પુષ્ટિ કરી છે. આ ઘટના શનિવારે સાંજે ૬ વાગ્યાની આસપાસ બની હતી. આ ઘટનાનો એક વીડિયો સામે આવ્યો છે જેમાં જોઈ શકાય છે કે કેવી રીતે ૧૦૦





ફૂટ ઊંચો રથ અચાનક ધ્રુજવા લાગે છે અને લોકોની ભીડ પર પડી જાય છે. મળતી માહિતી મુજબ, બેંગલુરુના અનેકલ નજીક હોસુરમાં એક ગામડાના મેળામાં મદ્દુરામ્મા દેવી યાત્રા દરમિયાન દેવીની મૂર્તિને લઈ જતો ૧૦૦ ફૂટનો રથ ભીડ પર પડી ગયો હતો. એવું કહેવામાં આવી રહ્યું છે કે ભક્તો આ રથ ખેંચી રહ્યા હતા, ત્યારે એક જગ્યાએ આ ૧૦૦ ફૂટ ઊંચો રથ લોકો પર પડ્યો. જેના કારણે તેના પર સવાર લોકો અને નજીકથી ચાલતા લોકોમાં ગભરાટ ફેલાઈ ગયો હતો. આ અકસ્માતમાં બે લોકો ઘાયલ થયા છે, જેમાંથી એક વ્યક્તિનું મોત નિપજ્યું છે. ઘણા લોકો ઘાયલ થયા હોવાના અહેવાલ છે.

# બિહારના મુસ્લિમ સંગઠનો CM નીતિશ કુમારની ઈફ્તાર પાર્ટીનો બહિષ્કાર કરશે


પટણા,તા.૨૩

બિહારના મુખ્ય મુસ્લિમ ધાર્મિક સંગઠનોએ મુખ્યમંત્રી નીતિશ કુમારના દાવત-એ-ઈફ્તારનો બહિષ્કાર કરવાની જાહેરાત કરી છે. આ સંગઠનો દ્વારા નીતિશ કુમારને લખેલા પત્રમાં કહેવામાં આવ્યું છે કે પ્રસ્તાવિત વક્ફ સુધારા બિલ ૨૦૨૪ ને તમારા સમર્થનના વિરોધમાં આ નિર્ણય લેવામાં આવ્યો છે. પત્ર લખનારા સંગઠનોમાં ઓલ ઈન્ડિયા મુસ્લિમ પર્સનલ લો બોર્ડ, ઈમરત-એ-શરીયત, જમિયત ઉલેમા-એ-હિંદ, જમિયત અહલે હદીસ, જમાત-એ-ઈસ્લામી હિંદ, ખાનકાહ મુજીબિયા અને ખાનકાહ રહેમાનીનો સમાવેશ થાય છે. બિહારના મુખ્યમંત્રી વતી, રવિવારે યોજાનારી ઈફ્તાર પાર્ટી માટે બિહાર જમિયત ઉલેમા-એ-હિંદને આમંત્રણ મોકલવામાં આવ્યું છે. જમિયતે ઈફ્તારનો બહિષ્કાર કરવાની જાહેરાત કરી છે. નીતિશ કુમારને લખેલા પત્રમાં બહિષ્કાર બાબતે કહેવામાં આવ્યું છે.

# દિલ્હી હાઈકોર્ટના જજ યશવંત વર્માના ઘરેથી મળેલી રોકડ રકમની તસવીરો જાહેર

દિલ્હી,તા.૨૩

દિલ્હી હાઈકોર્ટના જસ્ટિસ યશવંત વર્માના ઘરમાંથી મળેલી રોકડ રકમની તસવીરો જાહેર થઈ છે. દિલ્હી હાઈકોર્ટના મુખ્ય ન્યાયાધીશ ડીકે ઉપાધ્યાયે આંતરિક તપાસ બાદ ૨૧ માર્ચે સુપ્રીમ કોર્ટને રિપોર્ટ સુપરત કર્યો હતો. સુપ્રીમ કોર્ટે ૨૨ માર્ચના રોજ મોડી રાત્રે રિપોર્ટ જાહેર કર્યો. આ સાથે ત્રણ ફોટોગ્રાફ્સ



પણ જાહેર કરવામાં આવ્યા છે. એમાં બળી ગયેલી ૫૦૦ રૂપિયાની નોટોનાં બંડલ દેખાય છે. રિપોર્ટમાં કહેવામાં આવ્યું છે કે ૧૪ માર્ચે જસ્ટિસના ઘરે આગ લાગ્યા બાદ ફાયરબ્રિગેડની ટીમ ત્યાં પહોંચી હતી. આગ પર કાબૂ મેળવ્યા પછી ૪-૫ અડધા બળી ગયેલા કોથળા મળ્યા હતા, જેમાં નોટો ભરેલી હતી. બીજી તરફ, રિપોર્ટમાં જસ્ટિસ વર્માનો એ મત પણ છે, જેમાં તેમણે કહ્યું છે કે તેમણે કે તેમના પરિવારે ક્યારેય સ્ટોર રૂમમાં કોઈ પૈસા રાખ્યા નથી, જ્યાંથી નોટોના બંડલ મળ્યાં હોવાનું કહેવામાં આવે છે. એ એક ખુલ્લી જગ્યા છે, જ્યાં બધા અવરજવર કરે છે. તેમને આ કેસમાં ફસાવવામાં આવી રહ્યા છે.

# બલુચ નાગરિકો પર થયેલા ગોળીબારની ઘટનાના વિરોધમાં મહિલાઓ રસ્તા પર ઉતરી

(એચ.એસ.એલ),બલુચિસ્તાન,તા.૨૩

પાકિસ્તાની સુરક્ષા દળો દ્વારા વિરોધ કરી રહેલા બલુચિસ્તાન નાગરિકો પર ગોળીબાર અને હત્યાના મામલામાં આખું બલુચિસ્તાન ઉકળી રહ્યું છે. પાકિસ્તાન વિરુદ્ધ બલૂચ મહિલાઓ પણ મોટી સંખ્યામાં રસ્તાઓ પર ઉતરી આવી છે. બલૂચોએ ક્વેટા અને તુર્બતમાં વિશાળ રેલીઓ કાઢી અને



પાકિસ્તાની સુરક્ષા દળો અને સરકાર વિરુદ્ધ સૂત્રોચ્ચાર કર્યા. બલૂચ મહિલાઓના ગુસ્સાનો આ વીડિયો પીએમ શાહબાઝ શરીફને ઊંઘવા નહીં દે. પાકિસ્તાને અનેક બલૂચ નેતાઓની ધરપકડ કરી છે. પ્રદર્શનકારીઓ આ બધા લોકોની મુક્તિની પણ માંગ કરી રહ્યા છે. તમને જણાવી દઈએ કે ક્વેટામાં પ્રદર્શનકારીઓ પર ગોળીબાર અને હિંસાના વિરોધમાં સેંકડો લોકો રસ્તા પર ઉતરી આવ્યા છે. લોકોએ રેલી કાઢી અને પ્રદર્શન કર્યું હતું. આમાં મોટી સંખ્યામાં મહિલાઓએ પણ ભાગ લીધો હતો. આ સમયે શહેરના તમામ વ્યાપારિક કેન્દ્રો બંધ રહ્યા હતા.

# ધોરાજીમાં કૈલાશનગરના વોંકળા પર પુલ બનાવવા કોંગ્રેસ સદસ્યની માંગણી

**નગરસેવક અને એડવોકેટ યુસુબભાઈ નવીવાલાએ પત્ર દ્વારા રજૂઆત કરી**

ધોરાજી,તા.૨૩

ધોરાજી શહેરના કૈલાશનગર વિસ્તારમાં પ્રવેશ માટે વોંકળા પર માત્ર એક જ પુલ હોવાથી આ વિસ્તારમાંથી પસાર થતાં લોકોને અને વાહનચાલકોને પરેશાની થાય છે. આથી વધુ એક પુલનું નિર્માણ કરવામાં આવે તો રાહદારીઓની સમસ્યા નિવારી શકાય તેવી માગણી ધોરાજી વોર્ડ નંબર ૭ ના નગરસેવક અને એડવોકેટ યુસુબભાઈ નવીવાલાએ નગરપાલિકાના ચીફ ઓફિસરને પત્ર દ્વારા કરી છે. કૈલાશનગર વિસ્તાર એ હાલમાં હિરપરા વાડીથી સ્ટેશન પ્લોટ અને જૂનાગઢ રોડને જોડતો મુખ્ય રસ્તો થઈ ગયો છે. આ બંને મોટા વિસ્તારોમાં આવવા જવા માટે કૈલાશનગરમાંથી નીકળવું પડતું હોય છે. આ વિસ્તારની આસપાસમાં રહેણાંક અને ઔદ્યોગિક બંને આવાસો આવેલા હોવાથી આ વિસ્તારના વોંકળા પર હજુ એક પુલ બાંધવામાં આવે તો વાહનચાલકો અને રાહદારીઓને વધારે સુવિધા મળી શકે.

# અર્થ અવર સેલિબ્રેશન હેઠળ દેશના અનેક ઐતિહાસિક સ્થળોએ વીજળી પુરવઠો બંધ કરાયો

(એચ.એસ.એલ),નવીદિલ્હી,તા.૨૩

શું તમારા ઘરમાં પણ વીજળી જાય છે અને તમને ચિંતા થાય છે કે વીજળી કેમ ગઈ? પરંતુ આ વખતે, દેશના તમામ ઐતિહાસિક સ્થળોએ વીજળી ગુલ થઈ ગઈ છે, અને આ જાણી જોઈને કરવામાં આવ્યું છે. શનિવારે સાંજે દિલ્હી સહિત દેશભરના પ્રખ્યાત ઐતિહાસિક સ્થળોનો વીજળી પુરવઠો બંધ થઈ ગયો હતો. જો તમે વિચારી રહ્યા છો કે દેશના ઐતિહાસિક સ્થળોનો વીજ પુરવઠો કેમ બંધ કરવામાં આવ્યો, તો અમે તમને જણાવી દઈએ કે આ ડબ્લ્યુડબ્લ્યુએફ ભારતના અર્થ અવર સેલિબ્રેશન ૨૦૨૫ હેઠળ કરવામાં આવ્યું છે. ઉજવણીના ભાગ રૂપે, શનિવારે સાંજે ઈન્ડિયા ગેટ, લાલ કિલ્લો, રાષ્ટ્રપતિ ભવન, વિક્ટોરિયા મેમોરિયલ, છત્રપતિ શિવાજી મહારાજ ટર્મિનલ સહિત દેશભરના અનેક ઐતિહાસિક સ્થળોએ લાઈટો બંધ કરવામાં આવી હતી.

# બિહારના બેગુસરાયમાં સ્કોર્પિયો પલટી જતાં ૪ લોકોના કરૂણ મોત, પાંચ ઘાયલ

(એચ.એસ.એલ),બેગુસરાય,તા.૨૩

બેગુસરાય જિલ્લામાંથી એક મોટા અકસ્માતનો કિસ્સો પ્રકાશમાં આવ્યો છે. અહીં લગ્નના સરઘસમાંથી પરત ફરી રહેલી સ્કોર્પિયો ગાડી NH ૩૧ પર ડિવાઈડર સાથે અથડાઈ અને પલટી ગઈ હતી. આ અકસ્માતમાં સ્કોર્પિયોમાં મુસાફરી કરી રહેલા ચાર લોકોના ઘટનાસ્થળે જ મોત થયા હતા, જ્યારે ૫ લોકો ગંભીર રીતે ઘાયલ થયા હતા. ઘાયલોને



તાત્કાલિક સારવાર માટે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. આ સમગ્ર ઘટના નગર પોલીસ સ્ટેશન વિસ્તારના ખાટુપુર ચોક પાસે NH ૩૧ પર બની હોવાનું કહેવાય છે. અહેવાલો અનુસાર, બેગુસરાયના પહારપુર ગામના અભિષેક કુમારના લગ્નનું સરઘસ સાહેબપુર કમલ વિસ્તારમાં ગયું હતું. આજે સવારે અહીંથી પરત ફરતી વખતે, ખાટુપુર નજીક સવારે ૪ વાગ્યે સ્કોર્પિયો વાહનનું ટાયર પંચર થઈ ગયું. આ પછી સ્કોર્પિયો કાબુ બહાર ગઈ અને ડિવાઈડર સાથે અથડાઈ અને એનએચ ૩૧ પર પલટી ગઈ.

# સુરતનાં વિવિધ વિસ્તારોમાં મહારક્તદાન કેમ્પ યોજાયો : ૨૫૦૦ યુનિટ રક્ત એકત્ર

અમરેલી, તા.૨૩

શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયના, લક્ષ્મીનારાયણ દેવ ગાદીના આચાર્ય અજેન્દ્રપ્રસાદ જી મહારાજશ્રીની પ્રેરણાથી તારીખ ૨૩/૦૩/૨૦૨૫ના રોજ ગુજરાત-મહારાષ્ટ્રમાં એક જ સાથે ૫૫ ઉપરાંત વિવિધ સ્થળોએ 'આંતરરાષ્ટ્રીય મહારક્તદાન કેમ્પ' નું આયોજન કરવામાં આવ્યું હતું. જે અંતર્ગત સુરત શહેરમાં



કામરેજ, પાસોદરા, સરથાણા, મોટાવરાછા, યોગીચોક, કાપોદ્રા, અશ્વિનીકુમાર, કતારગામ, રાંદેર, વેલંજા ખાતે યોજાએલ રક્તદાન કેમ્પમાં રક્તદાતાઓએ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી રકતદાન કરી સમાજસેવાનું ઉત્તમ ઉદાહરણ પુરુ પાડ્યું હતું.

આ રક્તદાન કેમ્પમાં સુરતની તમામ બ્લડબેંકોએ સહયોગ આપ્યો હતો. રક્તદાન કેમ્પમાં કુલ ૨૫૦૦ યુનિટથી વધારે રક્ત એકત્ર થયું હતું અને સમગ્ર ગુજરાતમાં રક્તદાતાઓએ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી ૧૦,૦૦૦ યુનિટ જેટલું રક્તદાન કર્યું હતું.

# ૨૨ વર્ષ બાદ સોમનાથ મંદિરની ૩૪,૬૪૪ ચોરસ ફૂટ જગ્યા પરથી દબાણો હટાવવાનું શરૂ

સોમનાથ,તા.૨૩

૨૨ વર્ષ બાદ અંતે કોર્ટ કમિશન અને પોલીસ બંદોબસ્તની હાજરીમાં સોમનાથ મંદિરની ૩૪,૬૪૪ ચોરસ ફૂટ જગ્યા પરથી દબાણો હટાવવાની કામગીરી શરૂ કરવામાં આવી છે. જેમાં સોમનાથ મંદિર નજીક નવા રામ મંદિર સામે આવેલા રુદ્રેશ્વર મહાદેવ મંદિરની આસપાસ આવેલાં દબાણો દૂર કરવાની કાર્યવાહી ૨૨ માર્ચે શરૂ કરવામાં આવી છે. સોમનાથ




ટ્રસ્ટની માલિકીની સર્વે નંબર ૩૭/૧માં આવેલી કુલ ૩૪,૬૪૪ ચોરસ ફૂટ જમીનમાં આવેલાં ૪૦થી વધુ રહેણાક મકાનમાં ૧૫૦ જેટલા લોકો વસવાટ કરતા હતા. ઉલ્લેખનીય છે કે વર્ષ ૨૦૦૩માં આ મામલે વેરાવળ કોર્ટમાં કેસ ચાલ્યો હતો. એને લઈ ૨૦૧૮માં કોર્ટે સોમનાથ ટ્રસ્ટની તરફેણમાં ચુકાદો આપ્યો હતો અને કોર્ટે વિવાદાસ્પદ જગ્યા ખાલી કરવાનો હુકમ કર્યો હતો, જોકે તેમ છતાં દબાણકારો દ્વારા જગ્યા ખાલી કરાઈ નહોતી. વારંવાર નોટિસો છતાં જમીન ખાલી કરવામાં ન આવતાં આખરે કોર્ટ કમિશન દ્વારા કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. મળતી માહિતી મુજબ, સોમનાથ ટ્રસ્ટની માલિકીની સર્વે નંબર ૩૭/૧ વાળી કુલ ૩૪,૬૪૪ ચોરસ ફૂટ જગ્યાનો વિવાદ ચાલતો હતો.

# ઉદ્યોગ જગતના પ્રતિનિધિઓ સાથે મુખ્યમંત્રીએ બેઠક યોજી

**રાજ્યમાં રોકાણ માટે વધુ સાનુકૂળ વાતાવરણ ઊભું કરવા માટે સંવાદનું આયોજન કરાયું**

ગાંધીનગર,તા.૨૩

ગુજરાત સરકારના ઉદ્યોગ અને ખાણ વિભાગ દ્વારા સમગ્ર ગુજરાતના વિવિધ ઔદ્યોગિક સંગઠનો અને મુખ્યમંત્રી વચ્ચે ઈઝ ઓફ ડુઈંગ બિઝનેસ અને રાજ્યમાં રોકાણ માટે વધુ સાનુકૂળ વાતાવરણ ઊભું કરવા માટે સંવાદનું આયોજન મહાત્મા મંદિર ગાંધીનગર ખાતે કરવામાં આવ્યું હતું. આ સંદર્ભે ફોકિઆ દ્વારા મુખ્યત્વે કચ્છના લેન્ડ રેવન્યુના પ્રશ્નો જેવા કે મ્યુટેશન ઓફ એન્ટ્રીઝ, ઉદ્યોગો માટેની જમીનની ખરીદી, હેતુફેર જમીન માપણી વધારો, ટ્રસ્ટની માલિકીની જમીનો, જંત્રી દર તર્કસંગત કરવા અંગે, જમીનો અંગેની અપીલો અને સુનાવણી, મીઠા માટેની જમીનો પર કોઈ વેરા ન લેવા અંગે, જમીનને લગતા કાયદાઓમાં સુધારાત્મક ફેરફારો, ગણોત ધારાના કાયદામાં સુધારાત્મક ફેરફારો, NA થયેલ જમીનના



કિસ્સામાં મર્જર, ફેરફાર માટે લેવામાં આવતા ૧૦% પ્રીમિયમ અંગે કંપનીથી કંપનીને થતા વેચાણ, સિવિલ કોર્ટમાં કેસ ચાલતો હોય તેવા કિસ્સામાં NA પરવાનગી, પ્રતિબંધિત પ્રકારની જમીનના એક્સચેન્જ બાબત, મંદિરની જાળવણી માટેની જમીન, ભૂમિદાનની જમીન, એપ્રોચ રોડ ન હોવાથી લેઆઉટ મંજૂરી માટે પડતી મુશ્કેલી, કલમ ૮૯ માટે ઓનલાઈનમાં સુધારો કરવા બાબત, ઈન્ડસ્ટ્રીયલ પાર્ક માટે કલમ ૮૯ની મુદત ગણવા અંગે, પ્રોજેક્ટ વચ્ચે આવતા સીમામાર્ગ, ગાડામાર્ગ ડાયવર્ઝન બાબત, NA પરવાનગીની પ્રક્રિયા ઝડપી બનાવવા બાબત જેવી જમીનને લગતી બાબતો અંગે રજૂઆત કરી હતી.

# રાજ્યમાં માર્ચના છેલ્લા સપ્તાહમાં કમોસમી વરસાદની હવામાન વિભાગે આગાહી કરી

અમદાવાદ,તા.૨૩



માર્ચ મહિનામાં એક પછી એક વેસ્ટર્ન ડિસ્ટર્બન્સની સક્રિયાતાને કારણે રાજ્યમાં માર્ચના છેલ્લા સપ્તાહમાં પણ બેવડી ઋતુનો અનુભવ યથાવત્ રહ્યો છે. હવામાન વિભાગે આગામી દિવસોમાં કમોસમી વરસાદ પડવાની આગાહી કરી છે. હવામાનની આગાહી મુજબ, આજે એટલે કે ૨૪ માર્ચે પશ્ચિમ હિમાલય પ્રદેશમાં એક વેસ્ટર્ન ડિસ્ટર્બન્સ પહોંચશે. આ વેસ્ટર્ન ડિસ્ટર્બન્સની ૨૬ માર્ચથી ગુજરાતમાં અસર જોવા મળશે. પશ્ચિમી ભેજવાળા પવનના કારણે આગામી ૧ એપ્રિલ સુધી રાજ્યનું વાતાવરણ પલટાઈને વાદળછાયું બની શકે છે. આ દરમિયાન ૨૯ માર્ચથી ૧ એપ્રિલ સુધી રાજ્યમાં ગાજવીજ સાથે ૧૦ મિમી સુધી એટલે કે અડધા ઈંચથી ઓછો કમોસમી વરસાદ વરસવાની શક્યતા છે.

### વડોદરામાં લૂ લાગવાથી રાજ્યમાં પ્રથમ મોત

વડોદરા જિલ્લાના સાવલી પોલીસ મથકની હદમાં આવતા શિહોરા ભાગોળ પાસેના કૂવાની બાજુમાંથી એક અજાણ્યા 30 વર્ષીય યુવાનનો મૃતદેહ પોલીસને મળ્યો હતો. પોલીસ તપાસમાં આ યુવાન માનસિક દિવ્યાંગ હોવાનું અને રોડ સાઇડમાં સૂતો હોવાથી તેને વધારે પડતી ગરમી, લૂ લાગવાને કારણે મોત નિપજ્યું હોવાનું જાણવા મળ્યું છે.

# વિસાવદર વિધાનસભાની બેઠક માટે આપ તરફથી ગોપાલ ઈટાલીયા ચૂંટણી લડશે

અમદાવાદ,તા.૨૩

વિસાવદરમાં ભૂપત ભાયાણીના રાજીનામા બાદ વિધાનસભાની ખાલી પડેલી વિસાવદર બેઠક પર પેટાચૂંટણી યોજાવાની સંભાવના છે. એને લઈને આમ આદમી પાર્ટીએ વિસાવદર બેઠક પર લેઉવા પાટીદાર એવા ગોપાલ ઈટાલીયાને ઉમેદવાર બનાવ્યા છે. મહત્ત્વપૂર્ણ છે કે ચૂંટણીપંચે હજુ સુધી ચૂંટણી માટે તારીખ જાહેર કરી નથી, પણ એ પહેલાં



જ AAPએ તૈયારીઓ શરૂ કરી દીધી છે. ૧૯૯૫થી લઈ ૨૦૨૨ સુધી આ સીટ પરથી લેઉવા પાટીદાર ઉમેદવાર જ જીતતા આવ્યા છે. આ સીટ પરથી જ જીતીને કેશુભાઈ પટેલ ૧૯૯૫માં પહેલીવાર મુખ્યમંત્રી બન્યા હતા.

# સાયલા-ચોટીલા હાઈવે પર હોટલની આડમાં કેમિકલ ચોરીનું કૌભાંડ ઝડપાયું

**સ્થાનિક પોલીસને ઉંઘતી રાખી એસએમસી ત્રાટકી, ૭૪.૬૮ લાખનો મુદ્દામાલ જપ્ત**

સુરેન્દ્રનગર,તા.૨૩

સુરેન્દ્રનગરના સાયલા-ચોટીલા નેશનલ હાઈવે પર ચાલતા કેમિકલ ચોરીના વેપલા પર સ્ટેટ મોનિટરિંગ સેલની ટીમે દરોડા પાડ્યા છે. હોટલની આડમાં ચાલતું કેમિકલ



ચોરીનું કારસ્તાન SMCની ટીમે દરોડા પાડીને ઝડપ્યું છે. SMCના દરોડામાં કેમિકલનો જથ્થો પકડાયો છે. SMCના દરોડામાં ૧ આરોપી ઝડપાયો છે અને ૭ લોકો હાલમાં ફરાર થઈ ગયા છે. SMCની ટીમે કેમિકલનો જથ્થો, ટેન્કર, કાર સહિત રૂપિયા ૭૪.૬૮ લાખનો મુદ્દામાલ જપ્ત કર્યો છે. સ્થાનિક પોલીસને અંધારામાં રાખી SMCએ ખેલ પાડી દીધો છે અને પોણા કરોડનો મુદ્દામાલ જપ્ત કરીને ૮ શખ્સો વિરુદ્ધ ફરિયાદ નોંધાવી છે. હાઈવે પરની હોટલોમાં ચાલતા કારસ્તાનનો પર્દાફાશ SMCની ટીમે કર્યો છે અને ફરી એક વખત સ્થાનિક પોલીસ ઉંઘતી ઝડપાઈ છે.

# રાજ્યમાં છોટાઉદેપુરમાં પહેલો રબર ડેમ બનશે, અનેક ગામોને લાભ મળશે

છોટાઉદેપુર,તા.૨૩


ગુજરાતના છોટાઉદેપુરમાં પ્રથમ રબર ડેમ આકાર લઈ રહ્યો છે. જેનાથી ૬૦ ગામોને ફાયદો થશે. છોટા ઉદેપુર જિલ્લાના બોડેલી તાલુકાના રાજવાસણા ગામે રાજ્યનો પ્રથમ રબર ડેમ આકાર લેવા જઈ રહ્યો છે. હિરણ નદી પર આધુનિક ટેકનોલોજીથી બનનારા આ ડેમ માટે રાજ્ય સરકારે રૂ. ૧૦૦ કરોડ મંજૂર કર્યા છે, જ્યારે કેનાલ માટે વધારાના રૂ. ૨૮ કરોડની ફાળવણી કરવામાં આવી છે. આ પ્રોજેક્ટથી આસપાસના લગભગ ૬૦ ગામોને પીવાના પાણી અને સિંચાઈ માટે મોટો ફાયદો થશે. આ ડેમની ખાસિયત એ છે કે તે નવી ટેકનોલોજીથી બનશે, જેમાં જરૂરિયાત મુજબ હવા ભરી અને કાઢી શકાશે. ચોમાસા દરમિયાન ડેમમાં એકઠો થયેલો કાંપ દૂર કરવા માટે હવાની મદદથી પાણી બહાર કાઢી શકાશે, જ્યારે પાણીનો સંગ્રહ કરવા માટે ફરીથી હવા ભરવામાં આવશે.

# વિકાસના કામો પર ધ્યાન રાખવા મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની પદાધિકારીઓને સૂચના

**મ્યુનિસીપલ કોર્પોરેશનના પદાધિકારીઓને બોલાવી લોકોના કામ કરવા જણાવ્યું**

ગાંધીનગર,તા.૨૩

આગામી તા. ૨૬ના રોજ મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ રાજકોટ આવી રહ્યા છે અને રૂડા તથા મનપાના ૫૩૫ કરોડથી વધુના વિકાસ કામોના લોકાર્પણ અને ભૂમિપૂજન કરવાના છે. આ પૂર્વે ગઈકાલે ગાંધીનગર ખાતે મુખ્યમંત્રીએ તમામ મ્યુનિ. કોર્પોરેશનના મુખ્ય પદાધિકારીઓને બોલાવ્યા હતા અને શહેરી વિકાસ માટેની યોજનાઓ અંગે ચર્ચા કરી હતી. મુખ્યમંત્રીએ તમામ શહેરોના પ્રતિનિધિઓને સંપીને કામ કરવા અને 'ઘરની વાત ઘરમાં રાખીને' પ્રજાના કામોમાં ધ્યાન આપવા ખાસ સૂચના આપી હતી. નાણાના વાંકે કોઈપણ



મહાનગરમાં પ્રજાના કોઈ કામ અટકશે નહીં. આ માટે જરૂર હોય ત્યારે સરકારને યાદી આપવા પણ તેમણે નિમંત્રણ આપ્યું હતું. મુખ્યમંત્રીએ એક મહત્વની સલાહ આપતા કહ્યું હતું કે, આ વર્ષને શહેરી વિકાસ વર્ષ તરીકે જાહેર કરીને શહેરો માટે સરકારે ૩૦ હજાર કરોડનું માતબર બજેટ ફાળવ્યું છે. આથી વિકાસ કામો પર પુરતું ધ્યાન આપવું જોઈએ. મનપા તમામ કામ કરે જ છે. પરંતુ વધુ ગ્રાન્ટનો ઉપયોગ થાય તો પ્રજાને જ સીધો લાભ થશે.







## બાંગ્લાદેશથી તસ્કરી કરી લવાયેલ સગીરા અમદાવાદમાંથી મળી

અમદાવાદ,તા.૨૩

અમદાવાદ શહેરમાં ગેરકાયદેસર પ્રવૃત્તિઓ પર લગામ કસવા માટે પોલીસ દ્વારા હાથ ધરવામાં આવી રહેલા કોમ્બિંગ ઓપરેશન દરમિયાન એક ચોંકાવનારો કિસ્સો સામે આવ્યો છે. નરોડા વિસ્તારમાંથી ૧૬ વર્ષની બાંગ્લાદેશી કિશોરી મળી આવી છે, જેને છેલ્લા ૨ વર્ષથી અમદાવાદમાં લાવીને દેહવિક્રયના ધંધામાં ધકેલી દેવામાં આવી હતી. આ ઘટનાએ માનવ તસ્કરી અને શોષણના ગંભીર મુદ્દાને ફરી એકવાર પ્રકાશમાં લાવ્યો છે. પોલીસ સૂત્રો પાસેથી પ્રાપ્ત માહિતી અનુસાર, શહેરના વિવિધ વિસ્તારોમાં રાત્રિના સમયે પેટ્રોલિંગ અને કોમ્બિંગ હાથ ધરવામાં આવી રહ્યું હતું. આ દરમિયાન નરોડા પોલીસ સ્ટેશન નજીકના વિસ્તારમાં પોલીસને એક શંકાસ્પદ કિશોરી મળી આવી હતી. પૂછપરછ દરમિયાન જાણવા મળ્યું કે તે મૂળ બાંગ્લાદેશની છે અને તેને ગેરકાયદેસર રીતે ભારતમાં લાવવામાં આવી છે.

